RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER
Year : 15 Issue : 154 Dt. 27-12-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# સંગઠિત ગુન્હેગારો પર ૩૬૦ ડિગ્રી હુમલો : શાહ

## પહેલગામ આતંકી હુમલાની સફળ તપાસ વિશ્વ માટે કેસ સ્ટડી સમાન : આંતરરાષ્ટ્રીય મંચ પર પાકિસ્તાન ઉઘાડું

નવીદિલ્હી, તા. ૨૬
સમગ્ર દેશમાં હાલ આતંકી પ્રવૃત્તિઓની સાથો સાથ અનેકવિધ ગુન્હાઓનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે આ દૂષણને ઝેર કરવા સરકાર અનેકવિધ પગલાઓ લઈ રહી છે. ભારતને ખોરી ખાતી સમસ્યા સંગઠિત ટોળકીની છે. સરકાર સંગઠિત ગુન્હેગારો પર ૩૬૦ ડિગ્રી હુમલો કરશે. દેશના ગૃહમંત્રી અમિત શાહે જમ્મુ કાશ્મીરમાં લોકોને સંબોધતા સમયે સંગઠિત ગુન્હાખોરી પર કડક પ્રહાર કરતા જણાવ્યું હતું કે, હવે જેવા સાથે તેવા થઈ દેશને ખોખલું કરી રહેલા તત્વો પર ભારત હુમલો કરશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ ૨૨ એપ્રિલના પહેલગામ આતંકવાદી હુમલાની ‘‘સંપૂર્ણ અને સફળ‘‘ તપાસ હાથ ધરી છે, જે ફક્ત વિશ્વભરની એજન્સીઓ માટે કેસ સ્ટડી તરીકે જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય મંચ પર પાકિસ્તાનને પણ ઉજાગર કરશે. શાહે ૧૦ નવેમ્બરના લાલ કિલ્લા વિસ્ફોટની તપાસની પણ પ્રશંસા કરી, નોંધ્યું કે આતંકવાદીઓ તેનો ઉપયોગ કરી શકે તે પહેલાં ત્રણ ટન વિસ્ફોટકો જપ્ત કરવામાં આવ્યા હતા, અને ભાર મૂક્યો કે પહેલગામ અને દિલ્હી હુમલામાં એજન્સીઓની તપાસ નિયમિત પોલીસિંગના ઉદાહરણો નથી પરંતુ ‘‘સંપૂર્ણ તપાસ‘‘ ના ચમકતા ઉદાહરણો છે. મંત્રીએ એવી પણ જાહેરાત કરી કે સરકાર સંગઠિત ગુના પર ૩૬૦-ડિગ્રી હુમલો શરૂ કરવાની યોજના ધરાવે છે. શાહ રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) દ્વારા આયોજિત બે દિવસીય આતંકવાદ વિરોધી પરિષદના ઉદઘાટન પ્રસંગે બોલી રહ્યા હતા.

૨૨ એપ્રિલે પહેલગામના બૈસરન મેદાનમાં થયેલા આતંકવાદી હુમલામાં પાકિસ્તાનની ભૂમિકા વિશે બોલતા, જેમાં ત્રણ આતંકવાદીઓએ ૨૫ પ્રવાસીઓ અને એક પોની ઓપરેટરની હત્યા કરી હતી, શાહે કહ્યું, ‘‘આ હુમલા દ્વારા, આતંકવાદીઓ દેશમાં સાંપ્રદાયિક સૌહાર્દને ખલેલ પહોંચાડવા અને કાશ્મીરમાં શરૂ થયેલા વિકાસ અને પર્યટનના નવા યુગને જોખમમાં મૂકવા માંગતા હતા. અત્યંત સચોટ ગુપ્ત માહિતીના આધારે, અમારા દળોએ ત્રણેય આતંકવાદીઓને મારી નાખ્યા, જેનાથી પાકિસ્તાનને એક મજબૂત સંદેશ મળ્યો. આ પહેલી આતંકવાદી ઘટના છે જેમાં અમે ઓપરેશન સિંદૂર દ્વારા આતંકવાદી હુમલાના આયોજનકારોને સજા આપી છે, અને જે લોકોએ તેમને પૂરા પાડવામાં આવેલા શસ્ત્રોનો ઉપયોગ કરીને હુમલો કર્યો હતો તેમને ઓપરેશન મહાદેવ દ્વારા ખતમ કરવામાં આવ્યા હતા.‘‘




અમિત શાહે કહ્યું કે આજના યુગમાં આતંકવાદનું સ્વરૂપ બદલાઈ ગયું છે, જેમાં સાયબર અને માહિતી યુદ્ધ, આર્થિક નેટવર્કનો દુરુપયોગ અને હાઇબ્રિડ આતંકવાદનો સમાવેશ થાય છે. આવા જોખમોનો સામનો કરવા માટે, એક મજબૂત રાષ્ટ્રીય ગ્રીડ વિકસાવવી જરૂરી છે જે સતર્ક હોય અને ઝડપી અને પરિણામલક્ષી કાર્યવાહી કરી શકે. તેમણે કહ્યું કે આવી રાષ્ટ્રીય સ્તરની સિસ્ટમ ફક્ત આવા પરિષદો દ્વારા જ મજબૂત બનાવી શકાય છે. અમિત શાહે એમ પણ કહ્યું કે કેન્દ્રીય એજન્સીઓ અને રાજ્ય પોલીસે પોતપોતાના સ્તરે ટેકનોલોજીનો સારો ઉપયોગ કર્યો છે, પરંતુ વિવિધ સ્તરે વિકસિત ટેકનોલોજી અને વિવિધ સ્થળોએ એકત્રિત કરવામાં આવેલ ડેટા ગોળીઓ વગરની બંદૂક જેવો છે. તેમણે કહ્યું કે જો તમામ ડેટા એકબીજા સાથે જોડાયેલા હોય અને સમાન ટેકનોલોજી પર આધારિત હોય, તો સુરક્ષા વ્યવસ્થા ઘણી વધુ અસરકારક બની શકે છે. આ માટે, તેમણે ગૃહ મંત્રાલય, NIA અને IB ને એક સુવ્યવસ્થિત રાષ્ટ્રીય તકનીકી અને ડેટા ઇન્ફ્રાસ્ટ્રક્ચરની ચર્ચા કરવા અને વિકસાવવા અને તેને મજબૂત બનાવવામાં રાજ્યોને મદદ કરવા નિર્દેશ આપ્યો.

શાહે કહ્યું કે પહેલગામ અને દિલ્હી વિસ્ફોટના કેસોની તપાસ નિયમિત પોલીસિંગના ઉદાહરણો નથી, પરંતુ સંપૂર્ણ તપાસનું એક ચમકતું ઉદાહરણ છે. ગૃહ મંત્રાલયના પ્રવક્તાએ શાહને ટાંકીને કહ્યું, ‘‘આ એક ઉત્તમ ઉદાહરણ છે કે કેવી રીતે સતત સતર્ક અધિકારી દેશને આવા મોટા સંકટમાંથી બચાવી શકે છે.‘‘

રાજ્યના ગૃહમંત્રી નિત્યાનંદ રાય અને કેદી સંજય કુમાર પણ દિલ્હીના કાર્યક્રમમાં હાજર હતા, તેમની સાથે સંશોધન અને વિશ્લેષણ પાંખના સચિવ (સંશોધન) પરાગ ગુપ્તા, કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન અને રાષ્ટ્રીય તપાસ એજન્સીના વડા સદાનંદ દાતે પણ હાજર હતા.

કોન્ફરન્સમાં, શાહે એક અપડેટેડ ક્રાઇમ મેન્યુઅલ અને સંગઠિત ગુના નેટવર્ક પરનો પ્રથમ ડેટાબેઝ, તેમજ ખોવાયેલા/લૂંટાયેલા અને જપ્ત કરાયેલા શસ્ત્રો પર ગઈઅ દ્વારા તૈયાર કરાયેલ ડેટાબેઝ પણ લોન્ચ કર્યો.

શાહે કોન્ફરન્સમાં તમામ રાજ્યોના પોલીસ વડાઓ અને વરિષ્ઠ અધિકારીઓને ગઈઅ મેન્યુઅલની સમીક્ષા કરવા અને તેમની તપાસમાં તેનો ઉપયોગ કરવા માટે સમર્પિત ટીમો બનાવવા વિનંતી કરી.

તેમણે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ઉચ્ચ પોલીસ અધિકારીઓને અપીલ કરી કે તેઓ ગઈઅ દ્વારા વિકસિત આતંકવાદ વિરોધી ટુકડીઓના સામાન્ય માળખાને શક્ય તેટલી વહેલી તકે અમલમાં મૂકે જેથી સમગ્ર દેશમાં આતંકવાદના કેસોની તપાસમાં એકરૂપતા આવે.

તેમણે કેન્દ્રીય એજન્સીઓ અને રાજ્ય પોલીસ દળો બંનેને સંદેશાવ્યવહાર અને સંકલન વધુ સુધારવાની અપીલ કરી. તેમણે માહિતી, ટેકનોલોજી અને ડેટા શેર કરવા માટે રાષ્ટ્રીય સ્તરનું માળખું સ્થાપિત કરવા માટે ગુપ્તચર બ્યુરો, ગઈઅ અને ગૃહ મંત્રાલયના અધિકારીઓ વચ્ચે નિયમિત ચર્ચાનો પ્રસ્તાવ મૂક્યો.

શાહે કહ્યું કે કેન્દ્રીય એજન્સીઓ અને રાજ્ય પોલીસે પોતપોતાના સ્તરે ટેકનોલોજીનો સારો ઉપયોગ કર્યો છે, પરંતુ સિલોમાં વિકસિત ટેકનોલોજી અને સિલોમાં એકત્રિત કરવામાં આવેલ ડેટા ગોળીઓ વિનાની બંદૂકો જેવો છે. જો તમામ ડેટા એકબીજા સાથે વાતચીત કરી શકે અને સમાન ટેકનોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવે તો તે વધુ સારું છે, એમ ગૃહ મંત્રાલયના પ્રવક્તાએ મંત્રીને ટાંકીને જણાવ્યું હતું.

# GST ટ્રિબ્યુનલ રાજકોટ સર્કિટને ટેક્નિકલ-જ્યુડિશિયલ મેમ્બર મળ્યા

## ૨૧ જાન્યુઆરી સુધીમાં હાજર થવાનો ઓર્ડર : દોઢ માસની અંદર રાજકોટ સર્કિટ કાર્યરત થવાની સંભાવના




નવી દિલ્હી, તા.૧૫
કેન્દ્ર સરકાર દ્વારા જે સમયથી જીએસટી કાયદાને લાગુ કરવામાં આવ્યો છે તે સમયથી અનેકવિધ બદલાવ જોવા મળી રહ્યા છે સામે જીએસટીમાં જો કોઈ પ્રશ્નનો નિવારણ આવતું ન હોય તો વેપારીઓએ હાઈકોર્ટના દ્વાર ખખડાવવા પડે છે અથવા તો સુપ્રીમ કોર્ટ ની મદદ લેવી પડે છે. પરિણામ સ્વરૂપે હાલ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં ખૂબ વધુ કેસોનો ભરાવો થઈ ચૂક્યો છે જેનું નિવારણ લાવવું અત્યંત જરૂરી છે. આ માટે જીએસટી અપેલેટ ટ્રીબ્યુનલ ની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હાલ પ્રક્રિયા પણ હાથ ધરાય છે અને રાજકોટને પણ જીએસટી અપિલેટ માટેની સર્કિટ મળી છે પરંતુ કોઈને કોઈ કારણોસર જે ઝડપભેર કામગીરી થવી જોઈએ તે થઈ શકી નથી અને આજે પણ અપિલેટ ટ્રિબ્યુનલની સર્કિટ શરૂ થઈ શકી નથી. જીએસટી ટ્રિબ્યુનલની સ્થાપના કરવી આવશ્યક સાબિત થઈ હતી. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને જ હાલ કેન્દ્ર સરકાર અને ખાસ તો નાણામંત્રાલય દ્વારા ગુજરાતમાં જીએસટી શરૂ કરવાનો નિર્ણય કર્યો અને રાજકોટ સહિત ત્રણ શહેરોને જીએસટી ટ્રિબ્યુનલની ફાળવણી થઈ.

પરંતુ હજુ સુધી આ ટ્રિબ્યુનલ કાર્યરત થયું નથી ત્યારે વેપારીઓમાં હવે એવી પણ ચર્ચા શરૂ થઈ છે કે ક્યારે આ ટ્રીબ્યુનલ શરૂ થશે અને તેની અમલવારી ક્યારથી થશે કારણકે ૩૭,૦૦૦ થી વધુ કેસ પેન્ડિંગ પડેલા છે અને તેનું તાકીદે નિવારણ લાવવું એ પણ એટલું જ કપરું છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે આ અંગે સરકાર ગંભીરતાપૂર્વક વિચાર કરી તેની તુર્તમાં અમલવારી શરૂ કરે.

રાજકોટ સહિત રાજ્યના વેપારીઓનો સમય અને નાણાનો વ્યય ન થાય તે માટે ત્રણ શહેરોમાં આ ટ્રિબ્યુનલ શરૂ થશે જેના પરિણામ સ્વરૂપે વેપારીઓએ હવે જીએસટીના કેસ માટે હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટમાં જવું નહીં પડે અને વિવાદિત કેસ ટ્રીબ્યુનલમાં પડકારી શકાશે. મળતી માહિતી મુજબ હાલ મદ્રાસ બાર દ્વારા આ અંગે સુપ્રીમમાં પિટિશન ફાઇલ કરવામાં આવી છે કે જે રીતે જીએસટી અપિલેટ બનાવવામાં આવ્યું છે તે ગેર બંધારણીય છે જે અંગે હાલ સુપ્રીમમાં સુનાવણી ચાલી રહી છે. હાલ જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર સુપ્રીમમાંથી ચુકાદો આવતાની સાથે જ ટ્રિબ્યુનલ શરૂ થઈ જશે જે સુરતમાં બેન્ચ બેસશે અને રાજકોટમાં સર્કિટ બેસશે જેથી પડતર કેસોનો ઝડપથી નિકાલ થાય.

આ વચ્ચે સારા સમાચાર આવ્યા છે જેમાં સરકારે સેન્ટ્રલ જીએસટી અપેલેટ ટ્રિબ્યૂનલના ટેકનિકલ તથા જ્યુડિશિયલ મેમ્બરની નિયૂક્તિ કરી છે. જેમાં રાજકોટ સર્કિટની ટેકનિકલ મેમ્બર તરીકે કિશોરી લાલ તથા જ્યુડિશિયલ મેમ્બર તરીકે પ્રમોદકુમાર રાયની નિયૂક્તિ કરવામાં આવી છે. આ તમામ સભ્યોને ૨૧ જાન્યુઆરીના રોજ હાજર થઇ જવાનો આદેશ પણ કરવામાં આવ્યો છે. જેથી આશા છે કે, રાજકોટ સર્કિટ દોઢ માસની અંદર પૂર્ણતઃ કાર્યરત થઇ જશે.

# સિંહ-વાઘ-દીપડા ધરાવતું એક માત્ર રાજ્ય ગુજરાત

## ૩૩ વર્ષ બાદ રાજ્યને પ્રાપ્ત થયું ગૌરવ : ૯ મહિનાથી ગુજરાતમાં એક વાઘ થયો સ્થાઈ

રાજકોટ, તા. ૨૬
નેશનલ ટાઇગર કન્ઝર્વેશન ઓથોરિટી દ્વારા ગુજરાતને ફરી એકવાર ‘ટાઈગર સ્ટેટ’ જાહેર કરવામાં આવ્યું છે. આશરે ૩૩ વર્ષ બાદ ગુજરાતને આ ગૌરવ પ્રાપ્ત થયું છે, જેને કારણે રાજ્યના વન્યજીવન સંરક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ સિદ્ધિ માનવામાં આવી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, છેલ્લા ૯ મહિનાથી ગુજરાતમાં એક વાઘ સ્થાયી થયો છે, જેના કારણે રાજ્યમાં વાઘની હાજરી સત્તાવાર રીતે માન્ય બની છે. આ વાઘ મુખ્યત્વે રતનમહાલ વન્યજીવન અભયારણ્ય સહિત આસપાસના વિસ્તારોમાં જોવા મળ્યો છે. વન વિભાગ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે અને વાઘની સુરક્ષા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવ્યા છે.



ગુજરાત સરકારે વાઘની વસ્તી વધારવા માટે એક વાઘણની માગ પણ કરી છે, જેથી રાજ્યમાં વાઘનો પરિવાર વસાવી શકાય. સરકારનું માનવું છે કે અનુકૂળ પર્યાવરણ અને પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ હોવાથી વાઘના કુટુંબ માટે ગુજરાત સંપૂર્ણ રીતે તૈયાર છે. વાઘ માટે રહેઠાણ, શિકાર માટે પૂરતું આહાર, પાણીની વ્યવસ્થા અને સુરક્ષા માટે વિશેષ આયોજન કરવામાં આવી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે સિંહ, દીપડા અને વાઘ ત્રણેય મોટા બિલાડી પ્રજાતિ ધરાવતું ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય બની ગયું છે. ગીરના સિંહ, વિવિધ વિસ્તારોમાં દીપડા અને હવે વાઘની હાજરી ગુજરાતના વન્યજીવન વૈવિધ્યને વધુ સમૃદ્ધ બનાવે છે. આ સંદર્ભે ગુજરાત સરકારે રાષ્ટ્રીય વાઘ સંરક્ષણ પ્રાધિકરણ (NTCA)ને પત્ર લખી રાજ્યમાં વાઘ સંરક્ષણ અને વસવાટ માટેની તૈયારી વિશે માહિતી આપી હતી. ત્યારબાદ NTCAની ટીમે ગુજરાતની મુલાકાત લઈ રતનમહાલ અભયારણ્યનું નિરીક્ષણ કર્યું હતું અને ત્યાંની પરિસ્થિતિને વાઘ માટે અનુકૂળ ગણાવી હતી.

વન્યજીવન નિષ્ણાતોના મતે, આ નિર્ણયથી ગુજરાતમાં પર્યટનને પણ વેગ મળશે અને વન્યજીવન સંરક્ષણ અંગે જાગૃતિ વધશે. સાથે જ, રાજ્ય સરકાર માટે વાઘ સંરક્ષણ એક નવી જવાબદારી પણ બની છે. કુલ મળીને, ગઝઈઅ દ્વારા ગુજરાતને ફરી ‘ટાઈગર સ્ટેટ’ જાહેર કરવું રાજ્ય માટે ગૌરવની બાબત છે અને આવનારા સમયમાં ગુજરાત વાઘ સંરક્ષણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ભારતમાં અલ-કાયદાનું નવું મોડ્યુલ

## યુવાનોમાં ઈન્ટરનેટ ઍક્સેસ વધતા આતંકી સંગઠન ઓનલાઈન કટ્ટરપંથી ફેલાવવા કરે છે પ્રયાસો

નવીદિલ્હી, તા. ૨૬
દિલ્હી આતંકવાદી હુમલા બાદ, સુરક્ષા એજન્સીઓ વ્હાઇટ-કોલર આતંકવાદી મોડ્યુલો વિશે વધુને વધુ સતર્ક બની છે. દરમિયાન, અહેવાલો સૂચવે છે કે ભારતમાં અલ-કાયદા નેટવર્ક પણ તેના મોડ્યુલો બદલી રહ્યું છે. અલ-કાયદા ભારતમાં ડિજિટલી કટ્ટરપંથી મોડેલ તરફ પોતાનો પ્રભાવ બદલી રહ્યું છે. આ સંગઠન તાત્કાલિક હિંસા કરતાં વૈચારિક પ્રભાવને પ્રાથમિકતા આપે છે. ભારતમાં યુવાનોમાં સ્માર્ટફોન અને ઈન્ટરનેટની ઍક્સેસ વધી હોવાથી, આતંકવાદી સંગઠન તેના લાંબા ગાળાના આયોજન માટે ઓનલાઈન સ્વતંત્રતાનો ઉપયોગ કરી રહ્યું છે.



ઓક્ટોબર ૨૦૨૫ માં, પુણે આતંકવાદ વિરોધી ટુકડી (ATS) એ ૩૫ વર્ષીય સોફ્ટવેર પ્રોફેશનલ ઝુબૈર ઇલ્યાસ હંગરગેકરની ધરપકડ કરી હતી. ઝુબૈર કથિત રીતે અલ-કાયદા અને તેના દક્ષિણ એશિયન સહયોગી, અલ-કાયદા ઇન ધ ઇન્ડિયન સબકોન્ટિનેન્ટ (AQIS) સાથે જોડાયેલો હતો. તેની ધરપકડ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) હેઠળ કરવામાં આવી હતી. હંગરગેકરના ડિજિટલ ફૂટપ્રિન્ટ ઊંડા વૈચારિક કટ્ટરપંથીકરણ તરફ નિર્દેશ કરે છે. આનાથી એન્ક્રિપ્ટેડ સંદેશાવ્યવહાર, આર્કાઇવ્ડ પ્રચાર સામગ્રી અને અનેક બંધ જૂથોમાં તેની સંડોવણીનો ખુલાસો થયો. અધિકારીઓને એ પણ જાણવા મળ્યું કે તે વિશિષ્ટ સાધનોનો ઉપયોગ કરી રહ્યો હતો અને વિદેશી IP સરનામાંઓને રૂટ કરી રહ્યો હતો, જેમાંથી કેટલાક અફઘાનિસ્તાન અને હોંગકોંગ સાથે જોડાયેલા હતા. આનાથી વધુ ઊંડાણપૂર્વકની ફોરેન્સિક તપાસ થઈ. આ તારણોના આધારે, પુણે અઝજ એ તેની ધરપકડ કરતા પહેલા તેની નજીકની દેખરેખ રાખી હતી.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ક્રીડા ભારતીના અખિલ ભારતીય અધિવેશનનો પ્રારંભ

# રમતગમત એ સંસ્કૃતિ-જીવનશૈલીનો હિસ્સો

## ઓલિમ્પિક ૨૦૩૬ રન અપના ભાગરૂપે આગામી સમયમાં ૫ જેટલી વર્લ્ડ ક્લાસ રમતોના આયોજન માટે રાજ્ય સરકાર કટિબદ્ધ




રાજકોટ, તા. ૨૬

ક્રીડા ભારતીના અખિલ ભારતીય અધિવેશનનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કોમનવેલ્થ ગેમ્સની યજમાની ભારતને મળી અને તેમાં પણ અમદાવાદની પસંદગી થઈ તેવા ગૌરવપૂર્ણ અવસરે ક્રીડા ભારતીનું અધિવેશન અમદાવાદમાં યોજાયું છે. તેનાથી સ્પોર્ટ્સ સેક્ટરને નવી દિશા મળશે.

વધુમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું છે કે, જીવનમાં દરેક ક્ષેત્રે વિકાસ થવો જોઈએ અને તેમાં ખેલકૂદનું પણ મહત્વ છે. મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં કહ્યુ કે, વડાપ્રધાનએ આવા ઉદાત ભાવ સાથે ગુજરાતમાં રમત-ગમત સંસ્કૃતિ વિકસાવવા ૨૦૧૦થી ખેલ મહાકુંભ શરૂ કરાવ્યો છે. ખેલ મહાકુંભના પરિણામે રાજ્યના ગ્રામીણ વિસ્તારો સુધી સ્પોર્ટ્સ પ્રત્યેની ઉત્સુકતા વધી છે અને ખેલ મહાકુંભમાં ભાગ લેનારાઓની સંખ્યા ઉત્તરોત્તર વધી રહિ છે.

૨૦૧૦માં ૧૬લાખ લોકોની સહભાગીતાથી શરૂ થયેલા ખેલ મહાકુંભની ૨૦૨૫ એડીશનમાં ૭૨લાખ લોકો જોડાયા છે.એટલુ જ નહિ, ખેલ મહાકુંભની સફળતાને પગલે ગુજરાતના ૧૬ જેટલા પ્રતિભાવંત ખેલાડીઓએ રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય રમતોમાં રાજ્ય અને દેશનું પ્રતિનિધિત્વ કર્યુ છે.

મુખ્યમંત્રીએ પ્રાચીન ગ્રંથોના રમતોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, ભારતમાં પુરાણકાળથી રમતગમત એ સંસ્કૃતિ અને જીવનશૈલીનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો રહી છે. હજારો વર્ષ પહેલા લખાયેલા ગ્રંથોમાં પણ ૬૪ વિદ્યાઓ દ્વારા વ્યક્તિના કૌશલ્ય વિકાસની વાત કરવામાં આવી છે, તેમાં ઘણી વિદ્યાઓ રમત સાથે જોડાયેલી હોવાનો ઉલ્લેખ છે તેવું તેમણે જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું કે, ભગવાન કૃષ્ણ બાળપણમાં ગેડીદડાની રમત રમ્યાનો ઉલ્લેખ આપણા ગ્રંથોમાં છે, આ ઉપરાંત ગુરુ દ્રોણાચાર્યના ગુરુકુળમાં કૌરવો અને પાંડવો વચ્ચે ધનુષ્ય બાણ અને ગદા યુદ્ધ જેવું સ્પર્ધાઓનું વર્ણન પણ છે. યજુર્વેદમાં ફિઝિકલ ટ્રેનિંગ, અર્થવેદમાં સ્વસ્થ શરીર અને સમાજને રાજ્યની કરોડરજ્જુ કહી છે. આ બધું ખેલભાવના માટેનું પ્રતિબિંબ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ક્રીડા ભારતીના પાંચમા અધિવેશનમાં સમગ્ર દેશમાંથી પધારેલા ખેલાડીઓ, પ્રશિક્ષકો અને સ્વયંસેવકોનું ગુજરાતની ધરતી પર પધારવા બદલ સ્વાગત કરી જણાવ્યું હતું કે ક્રીડા ભારતી સંસ્થા ભારતીય સંસ્કૃતિમાં વર્ણવાયેલી આવી અનેક રમતોના સંરક્ષણ માટે રમતગમત દ્વારા રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપી રહી છે. અને દેશપ્રેમના સંસ્કાર સિંચન થકી ખેલાડીઓ નહીં પણ ભાવિ નાગરિકો તૈયાર કરવાનું કામ ક્રીડા ભારતી કરે છે તેમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને ગૃહમંત્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં ઓલિમ્પિકના ભાગરૂપે આગામી સમયમાં ૫ જેટલી વર્લ્ડ ક્લાસ રમતોના આયોજન માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે ક્રીડા જ્યોત સ્મારિકા પુસ્તકનું વિમોચન કરાયું હતું. અમદાવાદના કલ્કી તીર્થધામ, પ્રેરણપીઠ ખાતે આયોજિત ત્રિ-દિવસીય અધિવેશનમાં સમગ્ર દેશમાંથી ક્રીડા ભારતી સંસ્થા સાથે જોડાયેલા ખેલાડીઓ અને સ્વયંસેવકો ઉપસ્થિત રહેશે. ક્રીડા ભારતીના ગુજરાત પ્રદેશના અધ્યક્ષ વિવેકભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. આ ઉપરાંત અખિલ ભારતીય મહામંત્રી શ્રી રાજજી ચૌધરીએ અધિવેશન વિશે માહિતી આપી હતી તથા ક્રીડા ભારતી સંસ્થા વિશે વિસ્તૃત જાણકારી આપી હતી.

આ અધિવેશનમાં ક્રીડા ભારતીના અખિલ ભારતીય અધ્યક્ષ ગોપાલજી સૈની, મધ્યપ્રદેશના કેબિનેટ મંત્રી અને ક્રીડા ભારતીના કાર્યકારી અધ્યક્ષ ચૈતન્યજી કશ્યપ, ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ મીનેષભાઈ, મહાનગરના અધ્યક્ષ આનંદભાઈ, ગુજરાત પ્રદેશ મંત્રી ચિરાગભાઈ અને સમગ્ર દેશમાંથી ક્રીડા ભારતી સાથે જોડાયેલા લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ફ્લેશબેક INDIA@2025

## ગુજરાતે ગુમાવ્યા સંવેદનશીલ પૂર્વ મુખ્યમંત્રી

### મહાકુંભ ભાગદોડ થી ગોવા નાઈટ ક્લબ દુર્ઘટનામાં લોકોએ ગુમાવ્યા જીવ : ૨૦૨૫માં ભારત ઘણી મોટી દુર્ઘટનાઓનું બન્યું ભોગ









રાજકોટ, તા. ૨૬

૨૦૨૫ માં ભારતમાં ઘણી મોટી દુઃખદ ઘટનાઓ બની હતી, જેમાં એક ડઝનથી વધુ ઘટનાઓમાં લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ અકસ્માતો વિવિધ શ્રેણીઓમાં વહેંચાયેલા હતા, જેમાં પરિવહન અકસ્માતો, ધાર્મિક અને રાજકીય કાર્યક્રમોમાં ભીડ, ઔદ્યોગિક આગ, માળખાકીય સુવિધાઓ ધરાશાયી થવી અને દેશના ઈતિહાસમાં સૌથી ભયંકર ઉડ્ડયન અકસ્માતોમાંની એકનો સમાવેશ થાય છે.

અમદાવાદ પ્લેન દુર્ઘટનાના ઘાવ હજુ ભરાયા નથી કારણ કે, આ પ્લેન દુર્ઘટનામાં રાજકોટ પનોતા પુત્ર અને સંવેદશનીલ પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીનું નિધન થયું હતુ. જેનો શોક આજે પણ રાજકોટવાસીઓ અનુભવી રહ્યા છે. વર્ષના લગભગ અડધા ભાગમાં, દેશે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં પણ આતંકવાદી હુમલો કર્યો હતો, જેના કારણે મે ૨૦૨૫ માં ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાન સાથે લશ્કરી મુકાબલો થયો હતો.=મોટાભાગના કિસ્સાઓમાં તપાસ ચાલુ હોવા છતાં, આ વર્ષે દેશમાં બનેલી મોટી ઘટનાઓની કાલક્રમિક યાદી અહીં છે.

## મહાકુંભમાં ભાગદોડ, પ્રયાગરાજ, ઉત્તર પ્રદેશ (જાન્યુઆરી ૨૯, ૨૦૨૫)

૨૯ જાન્યુઆરીની સવારે ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભમાં ભાગદોડમાં ઓછામાં ઓછા ૩૦ લોકો માર્યા ગયા હતા અને ૬૦ થી વધુ ઘાયલ થયા હતા. અખાડા માર્ગ પર એકઠા થયેલા લાખો શ્રદ્ધાળુઓના દબાણ હેઠળ બેરિકેડ તૂટી પડ્યા હતા, જેના કારણે મૌની અમાવાસ્યાના શુભ પ્રસંગે સંગમમાં પવિત્ર ડૂબકી લગાવવા માટે રાહ જોઈ રહેલા યાત્રાળુઓ કચડી ગયા હતા. સરકારી આંકડાઓ અનુસાર, તે દિવસે સાંજે ૬ વાગ્યા સુધીમાં લગભગ ૭૦ મિલિયન લોકોએ સ્નાન (પવિત્ર ડૂબકી) લીધી હતી. રાજ્ય સરકારે ૩૭ લોકોના મોતનો દાવો કર્યો હતો, જ્યારે ૨૯ જાન્યુઆરીએ મહાકુંભમાં ચાર ભાગદોડમાં ઓછામાં ઓછા ૮૨ લોકોના મોત થયા હતા. ઉત્તર પ્રદેશ સરકારે અલ્હાબાદ હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ હર્ષ કુમારની અધ્યક્ષતામાં ત્રણ સભ્યોનું ન્યાયિક પંચ બનાવ્યું હતું. ભાગદોડના કારણોની તપાસ કરવા ઉપરાંત, કમિશનને ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે પગલાં સૂચવવાનું પણ કહેવામાં આવ્યું હતું.

## જલગાંવ ટ્રેન અકસ્માત, મહારાષ્ટ્ર (૨૨ જાન્યુઆરી, ૨૦૨૫)

૨૨ જાન્યુઆરીની સાંજે મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લામાં ઓછામાં ઓછા ૧૨ લોકોના મોત થયા હતા, જ્યારે આગની અફવાને કારણે તેઓ લખનૌ-મુંબઈ પુષ્પક એક્સપ્રેસમાંથી કૂદી પડ્યા હતા અને પછી નજીકના ટ્રેક પર બીજી ઝડપી ટ્રેનની ટક્કરથી તેઓ અથડાઈ ગયા હતા. મહારાષ્ટ્ર સરકારે મૃતકોના પરિવારો માટે ₹૫ લાખનું વળતર જાહેર કર્યું હતું. પીડિતોમાંથી સાત નેપાળી સ્થળાંતર કામદારો તરીકે ઓળખાયા હતા, જેમના માટે પુષ્પક એક્સપ્રેસ મુંબઈ મેટ્રોપોલિટન રિજન (ખખછ) માં રોજગાર માટે મહત્વપૂર્ણ જોડાણ છે. જલગાંવ જિલ્લા કલેક્ટર આયુષ પ્રસાદે કોઈપણ તણખા કે ધુમાડાના અહેવાલોને ફગાવી દીધા, કારણ કે બચાવ કામગીરી દરમિયાન ફાયર બ્રિગેડની ફોમ ટીમનો ક્યારેય ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે પુષ્પક એક્સપ્રેસ બંધ થયા પછી, ડ્રાઈવરે ફ્લેશર લાઇટ્સ સક્રિય કરી અને નિયમ મુજબ બ્રેક લગાવી. ટ્રેન લગભગ બે ડિગ્રીના વળાંક પર હતી, જેના કારણે દશ્યતા નબળી પડી અને બ્રેકિંગ અંતર ઓછું થયું. મુખ્ય જનસંપર્ક અધિકારીએ જણાવ્યું હતું કે લોકોએ ટ્રેનને નજીક આવતી જોઈ પણ ન હતી. પાઈલટ્સે ઘટના ટાળવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કર્યા.

## ગુજરાત ફટાકડા ફેક્ટરી વિસ્ફોટ (એપ્રિલ ૧, ૨૦૨૫)

૧ એપ્રિલના રોજ, ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં એક વેરહાઉસમાં વિસ્ફોટ અને આગ ફાટી નીકળી હતી, જેના કારણે માળખું ધરાશાયી થયું હતું. વેરહાઉસ ગેરકાયદેસર રીતે ફટાકડા સંગ્રહિત અને બનાવતું હોવાનો આરોપ છે. રાજ્ય અને કેન્દ્ર સરકારે તાત્કાલિક પગલાં લીધા હતા અને માલિકોની ધરપકડ કરી હતી, પરંતુ ફેક્ટરી ઉત્પાદન લાઇસન્સ વિના કાર્યરત હતી. બધા મૃતકો મધ્યપ્રદેશના હરદા અને દેવાસ જિલ્લાના સ્થળાંતરિત મજૂરો હતા.

## પહલગામ આતંકવાદી હુમલો, જમ્મુ અને કાશ્મીર (૨૨ એપ્રિલ, ૨૦૨૫)

૨૨ એપ્રિલના રોજ, જમ્મુ અને કાશ્મીરના પહલગામના ઉપરના ભાગમાં આવેલા બૈસરન ઘાસના મેદાનોમાં નાગરિકો પરના સૌથી ઘાતક હુમલાઓમાંના એકમાં આતંકવાદીઓના એક જૂથે છવીસ લોકો, જેમાં મોટાભાગના પ્રવાસીઓ હતા, માર્યા ગયા. કેન્દ્ર સરકારે ૨૦૧૯માં જમ્મુ અને કાશ્મીરનો વિશેષ દરજ્જો રદ કર્યા પછી કાશ્મીરમાં નાગરિકો પર આ પહેલો મોટો આતંકવાદી હુમલો હતો. પહલગામ હુમલાના જવાબમાં, ભારતીય સેનાએ ૭ મેના રોજ પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (પીઓકે)માં નવ આતંકવાદી ઠેકાણાઓ પર સચોટ હુમલા કર્યા. રાષ્ટ્રીય તપાસ એજન્સી (ગઈઅ) દ્વારા કરવામાં આવેલી તપાસમાં આ હુમલામાં લશ્કર-એ-તૈયબા (ક્યઝ) ના ત્રણ આતંકવાદીઓને સીધા જ સંડોવવામાં આવ્યા હતા. ૨૮ જુલાઈના રોજ શ્રીનગરની બહાર 'ઓપરેશન મહાદેવ' નામના કોડ-નામના એન્કાઉન્ટરમાં તેઓ માર્યા ગયા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આ બાબતે તાકીદે આરોપીઓને ડામવા નેશનલ એજન્સીને સજ્જ કરી હતી.

## કર્ણાટકમાં RCB કપ ઉજવણી દરમિયાન બેંગલુરુમાં ભાગદોડ (૪ જૂન, ૨૦૨૫)

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ઈંડ્ઢ જીતના એક દિવસ પછી, લાખો ચાહકો એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ અને વિધાન સૌધા ખાતે એકઠા થયા હતા, જ્યાં કર્ણાટક સરકારે ૪ જૂને એક અલગ સન્માન સમારોહનું આયોજન કર્યું હતું. આ અંધાધૂંધીમાં, ૧૧ લોકો - બધા ૪૦ વર્ષથી ઓછી ઉંમરના - માર્યા ગયા હતા, અને નાસભાગમાં ઓછામાં ઓછા ૫૦ લોકો ઘાયલ થયા હતા. સીએમ સિદ્ધારમૈયાએ કર્ણાટક હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ માઈકલ ડી'કુંહાના નેતૃત્વ હેઠળના એક સભ્ય કમિશન દ્વારા ન્યાયિક તપાસની પણ જાહેરાત કરી હતી. એડિશનલ ડિરેક્ટર-જનરલ ઓફ પોલીસ બી.કે. સિંહના નેતૃત્વમાં એક વિશેષ તપાસ ટીમ (જીંઝ) ની રચના કરવામાં આવી હતી, અને ત્યારબાદ છઈઇના એક ઉચ્ચ અધિકારી અને ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીના ત્રણ અન્ય લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

## એર ઈન્ડિયા ફ્લાઈટ ૧૭૧ ક્રેશ, અમદાવાદ, ગુજરાત (૧૨ જૂન, ૨૦૨૫)

૧૨ જૂનના રોજ, એર ઈન્ડિયા ફ્લાઈટ અઈ ૧૭૧, લંડન ગેટવિક જતી બોઈંગ ૭૮૭-૮ એરક્રાફ્ટ, સરદાર વલ્લભભાઇ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ટેકઓફ કર્યા પછી તરત જ મેડિકલ હોસ્ટેલ સંકુલમાં ક્રેશ થઈ ગઈ. વિમાનમાં આગ લાગી, જેમાં ૨૪૨ લોકોમાંથી ૨૪૧ લોકો મૃત્યુ પામ્યા અને ૧૯ લોકો જમીન પર હતા. એક મુસાફર બચી ગયો. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો (અઅઈઇ) એ ૧૨ જુલાઈના રોજ તેનો પ્રારંભિક અહેવાલ બહાર પાડ્યો. ૧૫ પાનાના પ્રારંભિક અહેવાલમાં એ હકીકત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું કે ''એન્જિન ૧ અને એન્જિન ૨ માટે ફ્યુઅલ કટઓફ સ્વિચ રનથી કટઓફ પોઝિશન પર ખસી ગયા,'' જેના કારણે ઈંધણ પુરવઠો બંધ થઈ ગયો. એક લાઇનમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે, ''કોકપીટ વોઈસ રેકોર્ડિંગમાં, એક પાઇલટ બીજાને પૂછતો સાંભળવામાં આવે છે કે તેણે કટઓફ કેમ કર્યું. બીજા પાઇલટે કહ્યું કે તેણે એવું નથી કર્યું.'' રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે તેમાં એરક્રાફ્ટ પ્રકાર, એન્જિન (ઋઊ'ત ઋઊિક્ષડ્ઢ-૧ઈ૭૦/ડ્ઢ૨), અથવા ઉત્પાદક સંબંધિત કોઈ ભલામણ કરેલ કાર્યવાહી શામેલ નથી. અઅઈઇ એ જણાવ્યું હતું કે પ્રારંભિક અહેવાલ ''શું થયું'' તે વિશે માહિતી આપવાનો છે, અને અંતિમ અહેવાલ ચોક્કસ કારણ અને ભલામણો પ્રદાન કરશે.

## દિલ્હીમાં લાલ કિલ્લા પાસે કાર વિસ્ફોટ (૧૦ નવેમ્બર, ૨૦૨૫)

૧૦ નવેમ્બરના રોજ નવી દિલ્હીમાં લાલ કિલ્લાની બહાર ધીમી ગતિએ ચાલતી કારમાં થયેલા ઉચ્ચ-તીવ્રતાના વિસ્ફોટમાં ૧૩ લોકો માર્યા ગયા અને ૨૦ થી વધુ લોકો ઘાયલ થયા, જેના કારણે દેશવ્યાપી એલર્ટ અને અનેક રાજ્ય એજન્સીઓ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી.જમ્મુ અને કાશ્મીરના પુલવામાના એક ડોક્ટર, ઉમર નબી, જે ફરીદાબાદની અલ-ફલાહ યુનિવર્સિટીમાં ભણાવે છે, તે કારમાં એકમાત્ર સવાર હતા જેમાં વિસ્ફોટ થયો હતો. તપાસ સંભાળનાર NIA એ ૧૮ ડિસેમ્બરે આ કેસમાં નવમી અને નવીનતમ ધરપકડ કરી હતી. હજુ પણ આ દુર્ઘટનાને અંજામ આપનારની શોધખોળ આજ દિન સુધી ચાલી રહી છે અને તપાસમાં અનેક ઘટસ્ફોટ થઇ રહ્યા છે.

## ગોવા નાઈટક્લબ આગ દુર્ઘટના (૬ ડિસેમ્બર, ૨૦૨૫)

૭ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ મધ્યરાત્રિ પછી ઉત્તર ગોવામાં બિર્ચ બાય રોમિયો લેન નાઈટક્લબમાં ભીષણ આગ લાગવાથી ઓછામાં ઓછા ૨૫ લોકો માર્યા ગયા હતા અને છ અન્ય ઘાયલ થયા હતા. પોલીસે અત્યાર સુધીમાં નાઈટક્લબના માલિકો સૌરભ લુથરા, ગૌરવ લુથરા અને અજય ગુપ્તા સહિત આઠ લોકોની ધરપકડ કરી છે, અને પાંચ અન્ય લોકો પણ છે. તેમણે બ્રિટિશ નાગરિક સુરિન્દર કુમાર ખોસલા વિરુદ્ધ બ્લુ કોર્નર નોટિસ મેળવવાની પ્રક્રિયા શરૂ કરી છે, જેમને જમીનનો ભાડો આપવામાં આવ્યો હતો. નાઈટ ક્લબ આગ દુર્ઘટના બાદ ક્લબના સંચાલકો થાઈલેન્ડ ફરાર થઇ ગયા હતા જેઓને પરત બોલાવી કસ્ટડીમાં લેવાયા છે અને જવાબદારી પણ ફિક્સ કરવામાં આવી છે.

સંતોના આશીર્વાદ, જનમેદનીનો ઉત્સાહ અને દેશભક્તિના નાદ સાથે રાજકોટથી ખોડલધામ તરફ પગપાળા યાત્રા પ્રસ્થાન

# સરદાર@૧૫૦ સ્વદેશી પદયાત્રાનો આરંભ

## ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના નેતૃત્વમાં સરદાર પટેલના વિચારોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ





રાજકોટ , તા. ૨૬

અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે આયોજિત ‘સરદાર૧૫૦ સ્વદેશી પદયાત્રા ૨૦૨૫’નો ભવ્ય, ઐતિહાસિક અને ભાવસભર આરંભ ગઈકાલે સવારે ૭:૦૦ કલાકે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ગોંડલ રોડ, રાજકોટ ખાતેથી કરવામાં આવ્યો હતો. આ પદયાત્રાનું આયોજન રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા દ્વારા કરવામાં આવ્યું છે. સરદાર પટેલના વિચારો માત્ર સ્મરણ પૂરતા ન રહે, પરંતુ જનજીવનનો ભાગ બને અને સ્વદેશી અપનાવી આત્મનિર્ભર ભારતનું નિર્માણ થાય તે આ પદયાત્રાનો મુખ્ય હેતુ છે.

પ્રસ્થાન પૂર્વે સ્વામિનારાયણ ભગવાનના પવિત્ર ચરણોમાં પ્રાર્થના કરી પદયાત્રાને શુભ આરંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સ્વામિનારાયણ ગુરુકુલના સ્વામી, મુંજકા આશ્રમના સ્વામી પરમાત્માનંદજી, આનંદી આશ્રમ શાપરના મસ્તરામ બાપુ તથા રામકૃષ્ણ આશ્રમ રાજકોટના સ્વામી, આપાગીગા ઓટલાના નરેન્દ્રબાપુ, સહિત ઉપસ્થિત સંત-મહાત્માઓના દિવ્ય આશીર્વાદ સાથે પદયાત્રાને વિધિવત પ્રસ્થાન કરાવવામાં આવ્યું. સમગ્ર ગુરુકુલ પરિસર ભક્તિ, દેશપ્રેમ અને રાષ્ટ્રભાવનાથી ગુંજી ઉઠ્યું હતું.

પ્રસ્થાન પ્રસંગે વિશેષ આકર્ષણરૂપે સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબની રથમાં સજાવેલી ભવ્ય પ્રતિમાને સંતો, મહંતો તથા મહાનુભાવોએ ફૂલહાર અર્પણ કરી ભાવપૂર્વક વંદન કર્યું હતું. ત્યારબાદ મંચ પર સરદાર પટેલના આદર્શો અને રાષ્ટ્રભાવનાનું પ્રતિક એવા સરદાર ધ્વજનું વિધિવત ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી બેન્ડના દેશભક્તિપૂર્ણ સંગીત, ઢોલ-નગારા અને જયઘોષ વચ્ચે રથ તથા પદયાત્રીઓને વાજતે-ગાજતે પ્રસ્થાન કરાવી યાત્રાનો ઔપચારિક આરંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રાજકોત સ્ટેટ માંધાંતાસિંહ જાડેજા, સીદસર ઉમિયાધામના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણી, બાલાજી વેફર્સન ચંદુભાઈ વિરાણી, સાથે જ ધારાસભ્યઓ, રાજકોટના મેયર, ભાજપ પ્રમુખ, ઉદ્યોગપતિઓ, સામાજિક અગ્રણીઓ, સેવાભાવી સંસ્થાના હોદેદારો, ભાઈ-બહેનો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રસ્થાન પ્રસંગે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ જણાવ્યું હતું કે, સરદાર પટેલના વિચારો માત્ર ઈતિહાસના પાનાંઓ સુધી સીમિત ન રહે, પરંતુ દરેક ભારતીયના દૈનિક જીવનમાં ઉતારે તે માટે આ સ્વદેશી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વદેશી અપનાવવું એ માત્ર આર્થિક નિર્ણય નહીં, પરંતુ રાષ્ટ્રનિર્માણની જવાબદારી છે. આત્મનિર્ભર ભારતનું સ્વપન સાકાર કરવા જનજનની ભાગીદારી અનિવાર્ય છે. પદયાત્રાના માર્ગ દરમિયાન વિવિધ સમાજો અને સંસ્થાઓ દ્વારા પદયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે.

શાપર તથા વેરાવળના ગ્રામજનો, મહિલા મંડળો, સેવા સહકારી મંડળીઓ, દૂધ મંડળીઓ, લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ, ગૌશાળા ટ્રસ્ટ, ભરવાડ સમાજ, ગઢવી (ચરણ) સમાજ, ફિલ્ડમાર્શલ હાઈસ્કૂલ વેરાવળ, શાપરવેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન, શ્રી ઉમિયા કડવા પટેલ સેવા સમાજ ટ્રસ્ટ, મેડિકલ તથા ડોકટર એસોસિએશન, વેપારી મંડળ, પી.જી.વી. સી.એલ. ડિવિઝન, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, સ્વાધ્યાય પરિવાર, ઘેડિયા કોળી સમાજ, કોટડા સાંગાણી તાલુકા ભાજપ, મુસ્લિમ સમાજ તથા દલિત સમાજ દ્વારા પદયાત્રીઓનું આત્મીય સ્વાગત કરવામાં આવી સરદાર પટેલની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરી વંદન કરવામાં આવશે.

દેશભક્તિના નાદ, ભારત માતાની જયઘોષ અને સ્વદેશી અપનાવવાના સંકલ્પ સાથે મોટી સંખ્યામાં પદયાત્રીઓ રાજકોટથી ખોડલધામ તરફ પગપાળા આગળ વધી રહ્યા છે. સમગ્ર માર્ગ પર ગામેગામ ઉત્સાહ અને ઉમંગનો માહોલ છે. આ પદયાત્રા દ્વારા રાષ્ટ્રીય એકતા, સામાજિક સમરસતા, શિસ્ત, દેશપ્રેમ અને આત્મનિર્ભર ભારતનો સંદેશ જનજન સુધી પહોંચાડવાનો દ્રઢ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

### ગોંડલમાં સરદાર ૧૫૦ સ્વદેશી યાત્રાનું ભવ્ય સ્વાગત



ગોંડલ તા.૨૬

અખંડ ભારત નાં શિલ્પી લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી અંતર્ગત રાજકોટનાં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાનાં નેતૃત્વમાં રાજકોટથી ખોડલધામ જઇ રહેલી સરદાર ૧૫૦ સ્વદેશી પદયાત્રા સાંજે છ કલાકે ગોંડલ આશાપુરા ચોકડી ખાતે પહોંચી હતી. આ સમયે પુર્વ સાંસદ રમેશભાઈ ધડુક, યુવા અગ્રણી ગણેશભાઈ જાડેજા,નગરપાલિકા પ્રમુખ અશ્વિનભાઈ રૈયાણી,ઉપપ્રમુખનાં પ્રતિનિધિ વૈભવભાઇ ગણાત્રા,અશોકભાઈ પીપળીયા,શહેર ભાજપ પ્રમુખ સમીરભાઈ કોટડીયા,મહામંત્રી જેકીભાઈ પરમાર, યુવા ભાજપ પ્રમુખ જીગરભાઈ સાટોડીયા,ઉદ્યોગપતિ લક્ષ્મણભાઈ પટેલ,રસિકભાઈ મારકણા,મનસુખભાઈ ગજેરા ઉપરાંત ભાજપ પરીવાર તેમજસિદ્ધાર્થ નગર ક્ષત્રીય સમાજ, કોળી સેનાનાં વિપુલભાઈ જાદવ, દિલીપભાઈ ગોવાણી સહિત ઉપસ્થિત રહી ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા સહિત પદયાત્રીઓનું ઉમળકાભેર સ્વાગત કરાયું હતુ.બાદમાં પદયાત્રા માર્કેટિંગ યાર્ડ પંહોચી હતી. ત્યાં યાર્ડનાં ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયા અને ડીરેકટરો દ્વારા સ્વાગત સન્માન બાદ ભોજન સાથે રાત્રી રોકાણ કરાયું હતુ.

કેક સહિતની આઠ ચીજ વસ્તુઓના નમુના તપાસ અર્થે લેબોરેટરીમાં : ૧૧ વેપારીઓને લાયસન્સ મેળવવા નોટિસ

# બેકરીઓમાં ફૂડ વિભાગની તપાસ



રાજકોટ, તા. ૨૬

મહાનગરપાલિકાના ફુડ વિભાગ દ્વારા સમયાંતરે વિવિધ સ્થળો પર સર્વીલન સાધવામાં આવી રહ્યું છે જેમાં વિક્રતાઓ દ્વારા યોગ્ય ખોરાક અને ગુણવત્તા યુક્ત ખોરાક આપવામાં આવે છે કે કેમ તે અંગે તપાસ હાથ ધરવામાં આવે છે તો બીજી તરફ વિવિધ સ્થળેથી નમુના પણ લેવામાં આવી રહ્યા છે અને તપાસે લેબોરેટરીમાં પણ મોકલાય છે ત્યારે નાતાલ પર્વ ચાલી રહ્યો છે જે વાતની ગંભીરત અને ધ્યાને લઇ પૂર્વ વિભાગ દ્વારા શહેરમાં આવેલી વિવિધ બેકરીઓમાં કેક અને પેસ્ટ્રી સહિતની ચીજવસ્તુઓના નમુના તપાસ સાથે મોકલવામાં આવ્યા હતા પરંતુ પ્રશ્ન એ છે કે જ્યારે આ નમૂના અંગેનો રિપોર્ટ આવશે ત્યારે બે થી ત્રણ મહિના જેટલો માર્ગ સમય પણ વીતી ગયો હશે જેથી આ પ્રકારે રિપોર્ટ આવ્યા બાદ કાર્યવાહી કરવી તેનો કોઈ અર્થ રહેતો નથી તેવું જાણકાર વર્તુળો ચરચી રહ્યા છે.

કાલાવડ રોડ કોટેચા ચોકમાં આવેલ શ્રી ભવાની સેલ્સ એજન્સીમાંથી સ્વીટ ચોકલેટ કેક, પીનેકલ બિલ્ડીંગમાં ધ કેક બારમાંથી ડબલ ડિલાઇટ કેક, કે.પી.ફુડસ (કેક ફોરેસ્ટ એટીએમ)માંથી બટરસ્કોચ કેક, બેક હાઉસમાંથી જર્મન ચોકલેટ કેકના નમુના લેવાયા છે. યુનિ. રોડ, પંચાયત ચોકમાં આવેલ પ્રાઇડ ડેલીસીયસ બેકર્સમાંથી પાઇનેપલ અને પ્લમ કેક, જલારામ-૪માં આવેલ માહી લાઇવ બેકરીમાંથી ચોકો આલ્મંડ કુકીઝ અને કસાટા પેસ્ટ્રીના સેમ્પલ લેવાયા છે.

ફૂડ વિભાગની ટીમે મુંજકા ગામ વિસ્તારમાં આવેલ ૨૦ ધંધાર્થીને ત્યાં ૨૦ નમુનાની ચકાસણી કરીને ૧૧ દુકાનદારોને નોટીસ આપી હતી. તેમાં મુરલીધર પાન કોલ્ડ્રિંક્સ , જય જલારામ નાસ્તા હાઉસ, મહારાજ ભોજનાલય, રામદૂત ડાઈનીંગ હોલ, બાલાજી રેસ્ટોરેન્ટ, શિવશક્તિ મેડિકલ, ક્રિષ્ના ડાઈનીંગ હોલ, શિવશક્તિ નાસ્તા પોઈન્ટ, જરિયા ડાઈનીંગ હોલ, બંસીધર ફૂડ ઝોન, ગાત્રાળ ડેરી ફાર્મનો સમાવેશ થાય છે. મહત્વની વાત તો એ છે કે અગાઉ પણ આ બાબતે અનેક વખત ચર્ચા કરવામાં આવી હતી કે શહેરમાં ઘણા ખરા વેપારીઓ એવા છે કે જેઓ પાસે લાયસન્સ નથી અને લાયસન્સ માટે હાલ તેઓને માત્ર તાકીદ કરવામાં આવે છે. આ બાબતે આરોગ્ય વિભાગ દ્વારા યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તે ખૂબ જરૂરી છે અને નક્કર પગલા લેવાય અને તમામ ફૂડનો વેપાર એટલે કે ખાણી પીણીનો વેપાર કરતા વેપારીઓ લાયસન્સ મેળવે તે ખૂબ જરૂરી છે.

# સિટી બસના ડ્રાઈવરોને છૂટા કરાતા દેકારો

## ડેપો મેનેજર વિરુદ્ધ મેયરને કરી ફરિયાદ કહ્યું કેન્ટીનમાં ઘરનું જમવાનું ન લાવવા સહિત કરાતી અનેક હેરાનગતિ



રાજકોટ, તા. ૨૬

મહાનગરપાલિકા દ્વારા સીટી બસનું જે સંચાલન કરવામાં આવી રહ્યું છે તેના વહીવટ સામે અનેક પ્રશ્નો ઉભા થયા છે હાલ ડ્રાઇવરોને આડેધડ સસ્પેન્ડ કરવાના આક્ષેપો થયા હોવાનું પણ જાણવા મળ્યું છે ત્યારે ડેપો મેનેજર સામે ડ્રાઇવરો દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી અને છુટા કરેલા ડ્રાઇવરો મહાનગરપાલિકા ની કચેરી ખાતે દોડી ગયા હતા. મળતી માહિતી મુજબ ડેપો મેનેજર દ્વારા જે દાદાગીરી કરવામાં આવી રહી છે તેની સામે રોષ પણ ફેલાયો છે. જેથી ડેપો મેનેજરની દાદાગીરી સામે રોષ ઠાલવ્યો હતો અને કેન્ટીનમાં ઘરનું જમવા દેવાની પણ મનાઇ કરાતી હોવાનો આક્ષેપ કર્યો છે.

કોર્પો.ની આરઆરએલ કંપની હેઠળની સીટી બસમાં ફરજ બજાવતા ડ્રાઈવરોને ડેપો મેનેજર દ્વારા હેરાનગતી થતીં હોવાની અનેક ફરિયાદો ઉઠ્યા બાદ ગઈકાલે ૨૦ જેટલા જુના ડ્રાઈવરોને ડેપો મેનેજરે મનમાની કરી કોઈપણ વાંક વગર છુટા કરી દેતા ડ્રાઈવરોમાં દેકારો મચી ગયો હતો. અને ડેપો મેનેજર વિરુદ્ધ અનેક પ્રકારની ફરિયાદો સાથેનું આવેદન મેયરને પાઠવી ઉગ્ર રજૂઆત કરી ડેપો મેનેજર વિરુદ્ધ પગલા લેવાની વિનંતી કરી હતી. મેયરને રજૂઆત કરી જણાવ્યું હતું કે, નવા નિયમો સાથે ભરતી થઇને તેઓ એક વર્ષથી ફરજ બજાવે છે. તેઓને ડેપો મેનેજર દ્વારા હેરાનગતી કરવામાં આવે છે અને ગઇકાલે કોઇ કારણ વગર ૨૦ ડ્રાઇવરને સસ્પેન્ડ કરી દીધા છે. આવો કોઇ હુકમ કોર્પો.એ આપ્યો નથી.

૫૦ ટકા ડ્રાઇવરોને કોન્ટ્રાક્ટરે બોનસ આપ્યું છે અને ૫૦ ટકાને ઉચ્ચક આપી દેવામાં આવ્યું છે. ડેપો કેન્ટીનમાં ડ્રાઈવરોને ટીફીન કે પાર્સલમાંથી જમવા દેવાની સગવડતા આપતા નથી અને ફરજીયાત ડેપો ની કેન્ટીનમાં રૂપિયા લઇ જમવા માટે મજબુર કરે છે. આ કેન્ટીનમાં જમવા એક ડ્રાઇવરે વિરોધ કરતા રાત્રે ધકકો મારીને બહાર કાઢી મુકયા હતા. વધુમાં ઈન્દીરા સર્કલ પાસે જે અકસ્માત થયો તેમાં ડ્રાઈવરના પરિવારને કાયદાકીય ખર્ચ કંપની ચુકવી આપશે તેવું વચન આપ્યાનો વિડીયો છે.

પરંતુ હજુ સુધી કોઈ આપેલ નથી. ફોન પણ ઉપાડતા નથી. વળી સસ્પેન્ડ કરેલા કર્મચારીઓ ડેપોમાં ફરજ બજાવે છે અને સારા ડ્રાઈવરોને છુટા કરે છે. ડ્રાઈવરોને નિમણુંક આપતા કોઈ પર પ્રકારનો ઓફર લેટર, જોઈન્ટ લેટર, કન્ફરમેશન લેટર અને પગાર સ્લીપ ઓનપેપર આપવામાં આવતી નથી અને લેબર લોનું સંપૂર્ણ પણે પાલન થતું નથી તેવી ફરિયાદ કરવામાં આવી છે. આજે ડઝન જેટલા ડ્રાઈવરોએ આ રજુઆત કરી હતી. જેમાં કર્તાહર્તા તરીકે ભાજપ અગ્રણીનું નામ ફરી ઉછળ્યું હતું. જોકે કોર્પો.ની સીટી બસ સેવામાં જો બહારના કોન્ટ્રાકટર જેવા લોકોની દાદાગીરી ચાલતી હોય તો મનપાની કોઇ જવાબદારી છે કે નહીં તે સવાલ પણ કેન્દ્રમાં આવી ગયો છે. હાલ સળગેલા પ્રશ્નોનો નિકાલ તંત્ર કેવી રીતે કરશે તે હવે જોવાનું રહ્યું.

# નાગલપરમાં આકાર લેશે મેડિકલ ડિવાઇસ પાર્ક

## વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના આયોજન થકી વૈશ્વિક રોકાણ અને આધુનિક મેડિકલ ડિવાઇસ ઇકોસિસ્ટમને મળશે વેગ






રાજકોટ, તા. ૨૬

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) દ્વારા રાજકોટ જિલ્લાના નાગલપર ખાતે એક નવો, ક્ષેત્ર-વિશિષ્ટ મેડિકલ ડિવાઇસ પાર્ક સ્થાપિત કરવાની મહત્વાકાંક્ષી પહેલ હાથ ધરવામાં આવી છે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ તબીબી ઉપકરણ ઉદ્યોગ માટે એક સંકલિત અને વ્યાપક ઈકોસિસ્ટમ વિકસાવવાનો છે, જે સંશોધન, ઉત્પાદન, ગુણવત્તા પરીક્ષણ તેમજ વૈશ્વિક નિકાસને મજબૂત આધાર પૂરો પાડશે.

GIDC દ્વારા પ્રસ્તાવિત નાગલપર મેડિકલ ડિવાઇસ પાર્ક લગભગ ૩૩૬ એકર વિસ્તારમાં વિકસાવવામાં આવશે. આ પાર્કને એન્ડ-ટુ-એન્ડ ઈકોસિસ્ટમ તરીકે ડિઝાઇન કરવામાં આવ્યો છે, જેમાં પ્રારંભિક સંશોધનથી લઈને ઉત્પાદન, પરીક્ષણ અને અંતે આંતરરાષ્ટ્રીય બજારમાં નિકાસ સુધીની સમગ્ર પ્રક્રિયા સરળ અને કાર્યક્ષમ બની રહેશે.

### સ્થાનિક લાભ અને વ્યૂહાત્મક કનેક્ટિવિટી

નાગલપરનું સ્થાન લોજિસ્ટિક્સ અને કનેક્ટિવિટીની દ્રષ્ટિએ અત્યંત વ્યૂહાત્મક છે. આ વિસ્તાર પીપાવાવ બંદરથી આશરે ૧૨૫ કિમી, કંડલા બંદરથી ૧૯૮ કિમી અને મુન્દ્રા બંદરથી ૨૪૩ કિમી અંતરે સ્થિત છે. રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ મારફતે સૌરાષ્ટ્ર પ્રદેશને મુંબઈ, દિલ્હી અને બેંગલુરુ જેવા દેશના મુખ્ય શહેરો સાથે સીધી એર કનેક્ટિવિટી પ્રાપ્ત છે. ઉપરાંત, આ મેડિકલ ડિવાઇસ પાર્ક NH-27 થી માત્ર ૯ કિમી દૂર સ્થિત છે, જે અમદાવાદ, જયપુર અને દિલ્હી જેવા મહત્વપૂર્ણ શહેરોને જોડતો મુખ્ય રાષ્ટ્રીય ધોરીમાર્ગ છે.

### પ્લગ–એન્ડ–પ્લે માળખાકીય સુવિધાઓ

ઉદ્યોગોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, નાગલપર મેડિકલ ડિવાઇસ પાર્કમાં આધુનિક અને તૈયાર–ઉપયોગ માટે માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેમાં દૈનિક ૩.૫ મિલિયન લિટર (MLD) ક્ષમતા ધરાવતી વિશ્વસનીય પાણી પુરવઠા વ્યવસ્થા, ઘન કચરા વ્યવસ્થાપન સુવિધા તથા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP)નો સમાવેશ થાય છે. અવિરત વીજ પુરવઠા માટે ૬૬ ઊંટ સબસ્ટેશન માટે જમીન અનામત રાખવામાં આવી છે. સાથે જ, કાર્યક્ષમ સપ્લાય ચેઇન સુનિશ્ચિત કરવા માટે કોમન વેરહાઉસ અને લોજિસ્ટિક્સ સેન્ટરનું આયોજન કરવામાં આવ્યું છે.નાગલપર મેડિકલ ડિવાઇસ પાર્કનો વિકાસ, ભારતના ઝડપથી વિકસતા મેડિકલ ડિવાઇસ ઉત્પાદન ક્ષેત્રમાં ગુજરાતને અગ્રેસર રાજ્ય તરીકે સ્થાપિત કરવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.

### VGRC રાજકોટઃ રોકાણ માટેનું વ્યૂહાત્મક મંચ

રાજકોટમાં યોજાનારી આગામી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) નાગલપર ખાતેના મેડિકલ ડિવાઇસ પાર્ક દ્વારા સર્જાતી વિશાળ રોકાણ તકોને વૈશ્વિક સ્તરે રજૂ કરવા માટે એક સશક્ત અને ગતિશીલ પ્લેટફોર્મ પુરું પાડશે. ઓર્થોપેડિક અને સર્જિકલ ડિવાઇસ મેન્યુફેક્ચરિંગ માટે ઓળખ ધરાવતા રાજકોટમાં યોજાનારી આ કોન્ફરન્સ દરમિયાન એન્જિનિયરિંગ, બંદરો અને લોજિસ્ટિક્સ, તેમજ કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ જેવા ક્ષેત્રોમાં કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશોની ક્ષમતાઓને વિશેષ રૂપે ઉજાગર કરવામાં આવશે.જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન યોજાનારી VGRC રાજકોટ ખાતે વૈશ્વિક રોકાણકારો, ઉદ્યોગ આગેવાનો અને વરિષ્ઠ સરકારી અધિકારીઓ સાથે સીધા સંવાદ દ્વારા વ્યૂહાત્મક ભાગીદારીઓ વિકસાવવાની, જમીન ફાળવણી મેળવવાની અને ભારતના મેડિકલ ડિવાઇસ બજારમાં આગવી ઓળખ સ્થાપિત કરવાની સુવર્ણ તક ઉપલબ્ધ થશે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# પડીકા પાર્ટી!

## ભરપેટ છતાં કુપોષણ, પડીકા બંધ કરાવો..



ગુજરાત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે, પરંતુ તેના ભવિષ્ય સમાન બાળકોના સ્વાસ્થ્યના પાયામાં 'પડીકા સંસ્કૃતિ'નું કેન્સર વકરી રહ્યું છે. આજે ગલીએ-ગલીએ અને ગામે-ગામ 'પડીકા પાર્ટી'નો ટ્રેન્ડ જામ્યો છે. પાંચ-દશ રૂપિયામાં મળતા વેફર્સ, કુરકુરે અને ઈન્સ્ટન્ટ મેગીના ચટાકાએ બાળપણને એવા રવાડે ચડાવ્યું છે કે જેનું પરિણામ અત્યંત ભયાનક છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS-5) ના આંકડા મુજબ, ગુજરાતમાં ૫ વર્ષથી ઓછી ઉંમરના આશરે ૩૯ ટકા બાળકો 'સ્ટન્ટિંગ' (ઉંમર મુજબ ઓછી ઊંચાઈ) અને ૧૦.૬ ટકા બાળકો 'વેસ્ટિંગ' (ઊંચાઈ મુજબ ઓછું વજન) નો શિકાર છે. આ આંકડા ચીસ પાડીને કહી રહ્યા છે કે આપણું બાળક ભલે ભૂખ્યું નથી, પણ તે કુપોષિત ચોક્કસ છે.

આધુનિક સમયમાં કુપોષણની વ્યાખ્યા બદલાઈ છે. હવે માત્ર ગરીબ જ નહીં, પરંતુ આર્થિક રીતે સુખી અને સંપન્ન ઘરના બાળકો પણ કુપોષણના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે. હાઈ-પ્રોફાઈલ સોસાયટીઓમાં રહેતા બાળકોના હાથમાં દૂધના ગ્લાસને બદલે સોફ્ટ ડ્રિંક્સ અને રોટલી-શાકના બદલે મેગી કે ચિપ્સના પડીકા જોવા મળે છે. આ બાળકોના પેટ તો ભરાય છે, પણ તેમના શરીરને જરૂરી પ્રોટીન, આયર્ન કે વિટામિન્સ મળતા નથી. પરિણામે, ધનિક ઘરના બાળકો પણ પાંડુરોગ (એનિમિયા) અને નબળી રોગપ્રતિકારક શક્તિથી પીડાય છે. આ એક એવી 'છૂપી ભૂખ' છે જે બાળકના માનસિક અને શારીરિક વિકાસને અંદરથી ઉધઈની જેમ કોતરી રહી છે.

બીજી તરફ, ગરીબ શ્રમિકોના બાળકોની હાલત તો વધુ કફોડી છે. મોંઘવારીના જમાનામાં પૌષ્ટિક ફળો કે દૂધ ગરીબની પહોંચ બહાર છે. પેટનો ખાડો પૂરવા માટે મજૂર વર્ગના વાલીઓ બાળકને પાંચ-દસ રૂપિયાનું પડીકું અપાવી દે છે. આ પડીકાઓમાં રહેલું અતિશય મીઠું, હાનિકારક કેમિકલ્સ અને વાસી તેલ બાળકના આંતરડાને ગંભીર નુકસાન પહોંચાડે છે. ગરીબ બાળકોમાં પોષણના અભાવે ગંભીર બીમારીઓ અને અકાળે મૃત્યુનું જોખમ વધી રહ્યું છે. બદલાયેલી ખાદ્ય શૈલીએ કુદરતી આહારનો છેદ ઉડાડી દીધો છે.

જો આપણે ખરેખર સશક્ત પેઢી ઈચ્છતા હોઈએ, તો આ 'પડીકા પાર્ટી' પર પૂર્ણવિરામ મૂકવું જ પડશે. વાલીઓએ સમજવું પડશે કે જાહેરાતોમાં દેખાતી લલચામણી ચીજો વાસ્તવમાં ધીમું ઝેર છે. જીભના ચટાકા માટે બાળકના આખા આયુષ્યને હોડમાં ન મૂકી શકાય. શાળાઓ અને મહોલ્લાઓમાં જનજાગૃતિ અભિયાન ચલાવીને ઘરના શુદ્ધ આહારનું મહત્વ સમજાવવું અનિવાર્ય છે. બાળકનું પેટ ભરવું પૂરતું નથી, તેનું લોહી શુદ્ધ થાય અને હાડકાં મજબૂત બને તેવો પૌષ્ટિક ખોરાક આપવો એ દરેક માતા-પિતાની નૈતિક ફરજ છે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# ગુજરાતમાં ટૂંક સમયમાં યોજાશે પાંચ વર્લ્ડ કલાસ સ્પોર્ટ્સ ઈવેન્ટ્સ

## ઓલિમ્પિક ૨૦૩૬ની ગણાવાતી તૈયારી : મુખ્યમંત્રીએ આપી માહિતી : અમદાવાદમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ક્રીડા ભારતીના અખિલ ભારતીય અધિવેશનનો પ્રારંભ થયો

અમદાવાદ, તા.૨૬

ઓલિમ્પિક ૨૦૩૬ રન અપના ભાગરૂપે આગામી સમયમાં ૫ જેટલી વર્લ્ડ ક્લાસ રમતોના આયોજન માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ક્રીડા ભારતીના અખિલ ભારતીય અધિવેશનનો પ્રારંભ કરાવતા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કોમનવેલ્થ ગેમ્સની યજમાની ભારતને મળી અને તેમાં પણ અમદાવાદની પસંદગી થઈ તેવા ગૌરવપૂર્ણ અવસરે ક્રીડા ભારતીનું અધિવેશન અમદાવાદમાં યોજાયું છે. તેનાથી સ્પોર્ટ્સ સેક્ટરને નવી દિશા મળશે તેવું મનાય છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, જીવનમાં દરેક ક્ષેત્રે વિકાસ થવો જોઈએ અને તેમાં ખેલકૂદનું પણ મહત્વ છે. મુખ્ય પ્રધાને આ સંદર્ભમાં કહ્યુ કે, વડા પ્રધાને આવા ઉદાત ભાવ સાથે ગુજરાતમાં રમત-ગમત સંસ્કૃતિ વિકસાવવા ૨૦૧૦થી ખેલ મહાકુંભ શરૂ કરાવ્યો છે. ખેલ મહાકુંભના પરિણામે રાજ્યના ગ્રામીણ વિસ્તારો સુધી સ્પોર્ટ્સ પ્રત્યેની ઉત્સુકતા વધી છે અને ખેલ મહાકુંભમાં ભાગ લેનારાઓની સંખ્યા ઉત્તરોત્તર વધી રહિ છે.

૨૦૧૦માં ૧૬લાખ લોકોની સહભાગીતાથી શરૂ થયેલા ખેલ મહાકુંભની ૨૦૨૫ એડીશનમાં ૭૨લાખ લોકો જોડાયા છે. એટલુ જ નહિ, ખેલ મહાકુંભની સફળતાને પગલે ગુજરાતના ૧૬ જેટલા પ્રતિભાવંત ખેલાડીઓએ રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય રમતોમાં રાજ્ય અને દેશનું પ્રતિનિધિત્વ કર્યુ છે.

મુખ્ય પ્રધાને પ્રાચીન ગ્રંથોના રમતોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, ભારતમાં પુરાણકાળથી રમતગમત એ સંસ્કૃતિ અને જીવનશૈલીનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો રહી છે. હજારો વર્ષ પહેલા લખાયેલા ગ્રંથોમાં પણ ૬૪ વિદ્યાઓ દ્વારા વ્યક્તિના કૌશલ્ય વિકાસની વાત કરવામાં આવી છે, તેમાં ઘણી વિદ્યાઓ રમત સાથે જોડાયેલી હોવાનો ઉલ્લેખ છે તેવું તેમણે જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું કે, ભગવાન શ્રી કૃષ્ણ બાળપણમાં ગેડીદડાની રમત રમ્યાનો ઉલ્લેખ આપણા ગ્રંથોમાં છે, આ ઉપરાંત ગુરુ દ્રોણાચાર્યના ગુરુકુળમાં કૌરવો અને પાંડવો વચ્ચે ધનુષ્ય બાણ અને ગદા યુદ્ધ જેવું સ્પર્ધાઓનું વર્ણન પણ છે. યજુર્વેદમાં ફિઝિકલ ટ્રેનિંગ, અર્થવેદમાં સ્વસ્થ શરીર અને સમાજને રાજ્યની કરોડરજ્જુ કહી છે. આ બધું



ખેલભાવના માટેનું પ્રતિબિંબ છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ક્રીડા ભારતીના પાંચમા અધિવેશનમાં સમગ્ર દેશમાંથી પધારેલા ખેલાડીઓ, પ્રશિક્ષકો અને સ્વયંસેવકોનું ગુજરાતની ધરતી પર પધારવા બદલ સ્વાગત કરી જણાવ્યું હતું કે ક્રીડા ભારતી સંસ્થા ભારતીય સંસ્કૃતિમાં વર્ણવાયેલી આવી અનેક રમતોના સંરક્ષણ માટે રમતગમત દ્વારા રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપી રહી છે. અને દેશપ્રેમના સંસ્કાર સિંચન થકી ખેલાડીઓ નહીં પણ ભાવિ નાગરિકો તૈયાર કરવાનું કામ ક્રીડા ભારતી કરે છે તેમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં તેમણે કહ્યું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અને ગૃહ પ્રધાન અમિત શાહના માર્ગદર્શનમાં ઓલિમ્પિકના ભાગરૂપે આગામી સમયમાં ૫ જેટલી વર્લ્ડ કલાસ રમતોના આયોજન માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ પ્રસંગે મુખ્ય પ્રધાનના હસ્તે ક્રીડા જ્યોત સ્મારિકા પુસ્તકનું વિમોચન કરાયું હતું.



# બસમાં રેલ્વે-વિમાન જેવી સેવા આપવા ST તત્પર : સંઘવી

## બસમાં સીટ ઉપર ફૂડ આપવાનો 'FOOD ON BUS' નવીન પ્રોજેક્ટ કરાશે કાર્યરત

ગાંધીનગર, તા.૨૬

રાજ્યના દરેક નાગરિકને ઉચ્ચ ગુણવત્તાલક્ષી, સમયસર અને સુરક્ષિત પરિવહન સેવા પહોંચાડવા એસ.ટી નિગમ અનેક નવતર પ્રયાસો હાથ ધર્યા છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ એસ.ટી નિગમને બસમાં મુસાફરીની સુવિધાની સાથે-સાથે નવીન ટેકનોલોજી, માળખાગત સુવિધાઓ અને બસોના આધુનિકીકરણ માટે સતત દિશાનિર્દેશન કર્યું છે.

એસ.ટી નિગમ દ્વારા મુસાફરોને વિમાન અને રેલવેની જેમ હવે બસોમાં તેમની સીટ ઉપર ફૂડ આપવાનો 'ON DEMAND PACKED FOOD-FOOD ON BUS' નવીન પ્રોજેક્ટ હાથ ધરાશે. આ પ્રોજેક્ટ અંતર્ગત નિગમની એક્સપ્રેસ બસોમાં સંચાલિત રૂટમાં પેસેન્જરોને ચાલુ બસે (FOOD ON BUS) પેકડ ફૂડ મળી રહે છે. આ સેવાથી નિગમની નોન ટ્રાફિક આવકમાં પણ વધારો થાય તે હેતુથી આ નવીન પ્રોજેક્ટ પ્રાયોગિક ધોરણે ફક્ત અમદાવાદથી શરૂ કરવામાં આવશે જેની ટેન્ડર પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે.

આવી સેવા પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદથી પાલડી, સી.ટી.એમ, કૃષ્ણનગર, નરોડા પાટીયા, નેહરુનગર, રાણીપ, નારોલ ક્રોસ રોડ, સરખેજ, ઓઢવ ક્રોસ રોડ, અડાલજ, જશોદાનગર પોઈન્ટ તેમજ પિકઅપ સ્ટેન્ડ ખાતેથી ફૂડ ડીલીવરી આપવામાં આવશે. આવા પ્રોજેકટ હેઠળ મુસાફરો ઓનલાઈન ફૂડ ઓર્ડર-ફૂડ ઓન બસ મેળવવા માટે નિગમની ઓનલાઇન OPRS (Online Passenger Reservation System) સિસ્ટમ પર બસ ટીકીટની સાથે સાથે ફૂડ પણ અગાઉથી બુકિંગ કરી શકશે. મુસાફરી શરૂ થયા બાદ જે સ્થળે ફૂડ મેળવવાનું હોય તે સ્થળે પહોંચવાના ત્રણ કલાક પહેલા ઓર્ડર કરવાનો રહેશે. મુસાફર ઓનલાઈન એડવાન્સમાં તેમજ મુસાફરી દરમિયાન પણ ફૂડ ઓનલાઇન બુકિંગ કરી શકશે. આ સુવિધાઓ પૂરી પાડવા માટે એસ.ટી નિગમ દ્વારા 'એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ' થી અલગ અલગ એજન્સીઓ પાસેથી ઓનલાઈન ભાવો મંગાવવામાં આવ્યા છે. નક્કી થયેલ એજન્સી તમાકુ, બિડી, ગુટકા, નોન વેજ તેમજ પ્રતિબંધિત ચીજવસ્તુઓ બસમાં આપી શકશે નહિ તેમજ બસમાં ફૂડ આપવામાં અનિયમિતતા અને સમયસર ફૂડસપ્લાય ન કરવાના કિસ્સામાં રૂ.૫૦૦૦ થી રૂ.૧૦,૦૦૦ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

## RSSના વડા મોહન ભાગવતે કહ્યું કે ધર્મને ઘણીવાર ધર્મ તરીકે ભૂલથી લેવામાં આવે છે, જ્યારે વાસ્તવમાં, તે બ્રહ્માંડનું વિજ્ઞાન છે

# વિજ્ઞાન-ધર્મ વચ્ચે કોઈ સંઘર્ષ નથી : ભાગવત



રાજકોટ, તા. ૨૬

એ વાત ચોક્કસ છે કે ભારત પ્રગતિ કરશે, અને ભારત પાસે દુનિયાને કંઈક આપવા માટે છે. ભારતનો વિકાસ ફક્ત સ્વ-પ્રગતિનો નથી. આજે જ્યારે આપણે વિકસિત દેશોને જોઈએ છીએ, ત્યારે તેમનો વિકાસ એટલો સંપૂર્ણ રહ્યો છે કે તેણે વિનાશ પણ લાવ્યો છે. બધા દેશો માને છે કે તેમણે ભૌતિક વિકાસ પ્રાપ્ત કર્યો છે પણ કંઈક ચૂકી ગયા છે, કારણ કે બધો વિકાસ સુખ માટે છે. મનુષ્ય સુખ ઇચ્છે છે, બ્રહ્માંડમાં દરેક વ્યક્તિ સુખ ઇચ્છે છે. આપણે વિજ્ઞાન વિશે કેમ જાણવા માંગીએ છીએ? સૂર્ય અહીંથી કેટલો દૂર છે? જો મને આ ખબર ન હોય, તો તેનાથી મને શું ફરક પડે છે? પરંતુ મનુષ્ય એવું નથી વિચારતા. આ શબ્દો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના વડા મોહન ભાગવતે આંધ્રપ્રદેશમાં કહ્યા હતા.

RSS વડા મોહન ભાગવતે કહ્યું કે વિજ્ઞાન અને ધર્મ વચ્ચે કોઈ સંઘર્ષ નથી, અને આખરે, બંને અલગ અલગ માર્ગો દ્વારા એક જ સત્ય શોધે છે. ભારતીય વિજ્ઞાન પરિષદને સંબોધતા મોહન ભાગવતે કહ્યું કે ધર્મને ઘણીવાર ધર્મ તરીકે ભૂલથી લેવામાં આવે છે, જ્યારે વાસ્તવમાં, તે બ્રહ્માંડનું વિજ્ઞાન છે. તેમણે કહ્યું, ''ધર્મ કોઈ ધર્મ નથી. તે કાયદો છે જેના દ્વારા બ્રહ્માંડ કાર્ય કરે છે.'' કોઈ તેમાં માને કે ન માને, તેની બહાર કોઈ કાર્ય કરી શકતું નથી. ધર્મમાં અસંતુલન વિનાશ તરફ દોરી જાય છે. ભાગવતે કહ્યું કે ઐતિહાસિક રીતે, વિજ્ઞાને ધર્મથી અંતર જાળવી રાખ્યું છે, એવું માનીને કે વૈજ્ઞાનિક સંશોધનમાં તેનું કોઈ સ્થાન નથી, પરંતુ આ દૃષ્ટિકોણ ખોટો છે. RSS વડા મોહન ભાગવતે વધુમાં કહ્યું, ''વિજ્ઞાન અને આધ્યાત્મિકતા વચ્ચેનો વાસ્તવિક તફાવત ફક્ત પદ્ધતિનો છે. જો કે, બંનેનો ધ્યેય એક જ છે. વિજ્ઞાન અને ધર્મ કે આધ્યાત્મિકતા વચ્ચે કોઈ સંઘર્ષ નથી. તેમની પદ્ધતિઓ અલગ અલગ હોઈ શકે છે, પરંતુ ગંતવ્ય એક જ છેઃ સત્યની શોધ.

# સાપુતારા-નાસિક વચ્ચે ફોર લેન રોડ બનશે

## નાસિક જિલ્લામાં વાણી અને હટગઢ વચ્ચેના ૧૭ કિલોમીટરના રાષ્ટ્રીય ધોરીમાર્ગ બનવાથી પર્યટન સહિત વેપાર-ધંધાને મળશે વેગ

અમદાવાદ તા.૨૬

પર્યટન અને બે રાજ્ય વચ્ચેની રોડ કનેક્ટિવિટી વધારવા કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે નાસિક જિલ્લામાં વાણી અને હટગઢ વચ્ચેના ૧૭ કિલોમીટરના રાષ્ટ્રીય ધોરીમાર્ગના પટ્ટાને ફોર લેન રોડ તરીકે વિકસાવવાની મંજૂરી આપી હતી. આમ થવાથી ગુજરાતનું સાપુતારા પણ નસિક સાથે સીધું જોડાશે તેવી ગતિવિધિઓ શરુ કરી દેવાઈ છે.

મંત્રાલયે આ પ્રોજેક્ટ માટે અંતિમ જમીન સંપાદન સૂચના જાહેર કરી હતી, જે હેઠળ ૩ હેક્ટર અને ૫૭ ગુંઠા જમીન સંપાદન કરવામાં આવશે. ૨૦૨૪ માં જાહેર વાંધાઓ મંગાવવા માટે એક પ્રારંભિક સૂચના જાહેર કરવામાં આવી હતી. નિર્ધારિત એક વર્ષના સમયગાળામાં કોઈ વાંધો ન મળતાં, અંતિમ સૂચના હવે જાહેર કરવામાં આવી છે, જેનાથી બાંધકામ વહેલા શરૂ થાય તેવી શક્યતા છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

રાજ્યના જાહેર બાંધકામ વિભાગે આગામી કુંભ મેળાને ધ્યાનમાં રાખીને નાસિક-વાણી માર્ગને ચાર-માર્ગીય બનાવવા માટે ૧૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટને પહેલાથી જ મંજૂરી આપી દીધી હતી. વાણી-હાટગઢ પહોળો કરવાનો પ્રોજેક્ટ એકસાથે આગળ વધી રહ્યો હોવાથી, નાસિક-સાપુતારા કોરિડોર ઝડપી તો બનશે જ, પણ સાથે યુઝર ફ્રેન્ડલી પણ બનશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

નાશિક-ત્ર્યંબકેશ્વર સિંહસ્થ કુંભ મેળા દરમિયાન યાત્રાળુઓ અને પ્રવાસીઓની અવરજવરમાં અપેક્ષિત વધારાને ધ્યાનમાં રાખીને કોરીડોર બનાવવામાં આવી રહી છે. આ ફોર લેન રોડ બન્યા બાદ નાસિક અને સાપુતારા વચ્ચેની એક ખૂબ જ સારી કનેક્ટિવિટી મળી જશે.

આ સાથે ધુળે અને નંદુરબારને પણ ફાયદો થશે અને નાસિક-સાપુતારા હાઈ વેને લીધે વેપાર-ધંધાને પણ લાભ થશે. નાસિકની ખેતપેદાશોને ગુજરાતમાં વધારે સારું બજાર મળી શકશે, તેમ પણ સૂત્રોએ જણાવ્યું હતું.



એકત્રીસમી ડીસેમ્બર અંતર્ગત દારૂ ઉપરાંત માદક પદાર્થ ઝડપી લેવા પોલીસની ટીમો કામે લાગી

# ૩ા લાખના ગાંજા સાથે બે પકડાયા

## મોરબી એસઓજીએ બે શખ્સને પકડી લઈ દસ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

રાજકોટ, તા. ૨૬
આગામી એકત્રીસમી ડિસેમ્બરને અનુલક્ષીને રાજ્યભરમાં ડ્રાઈવ ચાલુ થઇ ગઇ છે. દારૂની સાથે સાથે માદક પદાર્થ પણ પોલીસ પકડી રહી છે. તાજેતરમાં રાજકોટ એસઓજીએ ગાંજાની હેરાફેરીનો પર્દાફાશ કર્યો હતો. એ પછી ભક્તિનગર પોલીસે ગાંજો પકડ્યો હતો. દરમિયાન હવે મોરબી એસઓજીની ટીમે પુલ દરવાજા નજીક દરોડો પાડી સાડા ત્રણ લાખના ગાંજા સાથે બે શખ્સોને પકડી લઇ કાર્યવાહી કરી હતી.

વિગતો પર નજર કરીએ તો એસઓજીની ટીમે ગાંજો તેમજ અર્ટીગા કાર સહિત રૂ.૧૦,૭૨,૬૫૦નો મુદામાલ જપ્ત કર્યો. મોરબી શહેર - જિલ્લામાં નશીલા પદાર્થનું વેચાણ ચિંતાજનક રીતે વધ્યું છે ત્યારે એસઓજી એટલે કે, સ્પેશિયલ ઓપરેશ ગ્રુપ પોલીસ ટીમે બાતમીને આધારે વાંકાનેર શહેરના ટાઉનહોલ નજીકથી અર્ટીગા કારમાંથી ૭.૧૮૩ કિલોગ્રામ ગાંજા સાથે બે આરોપીઓને ઝડપી લઈ ૧૦.૭૨ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી એનડીપીએસ એક્ટ મુજબ કાર્યવાહી કરી હતી.

વધુ માહિતી અનુસાર મોરબી એસઓજી પોલીસ ટીમને મળેલી બાતમીને આધારે વાંકાનેર ટાઉનહોલ નજીક દરોડો પાડી શંકાસ્પદ હાલતમાં ઉભેલી જીજે - ૦૪ - ડીએન - ૩૮૦૪ નંબરની અર્ટીગા કાર ચેક કરતા કારમાં બેઠેલા આરોપી લલિત ઉર્ફે લક્કી હેમંતભાઈ ધામેચા અને આરોપી વિજય સાગરભાઈ સારલા નામના બે શખ્સના કબ્જામાંથી ૭.૧૮૩ કિલોગ્રામ ગાંજો કિંમત રૂપિયા ૩,૫૯,૧૫૦, મોબાઈલ નંગ ૨ કિંમત રૂપિયા ૧૦,૦૦૦, રોકડા રૂપિયા ૩૫૦૦ તેમજ ૭ લાખ રૂપિયાની અટીંગા કાર મળી કુલ રૂ. ૧૦,૭૨, ૬૫૦નો મુદ્દામાલ કબ્જે કરી વાંકાનેર શહેર પોલીસ મથકમાં એનડીપીએસ એક્ટ મુજબ ગુન્હો રજીસ્ટર કરાવ્યો હતો. આ ગાંજો લલીત અને વ્જિય ક્યાંથી લાવ્યા તેની તપાસ હાથ ધરવામાં આવી હતી.



# પંજાબના બહાદૂર બાળકનું સન્માન કરતા રાષ્ટ્રપતિ

## બાળ દિવસ પર અપાયો 'રાષ્ટ્રીય બાળ પુરસ્કાર'



નવી દિલ્હી, તા. ૨૬
બહાદુરી, રમતગમત, કલા અને સંસ્કૃતિ, શૈક્ષણિક, ઈનોવેશન, સમાજ સેવા જેવા ક્ષેત્રોમાં અસાધારણ સિદ્ધિ મેળવનાર ૫થી ૧૮ વર્ષની વયના બાળકને દર વર્ષે 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવે છે. આ વર્ષે પંજાબના ૧૬ વર્ષીય શ્રવણ સિંહને 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર ૨૦૨૫' એનાયત કરવામાં આવ્યો છે. કારણ કે તેણે 'ઑપરેશન સિંદૂર' દરમિયાન જીવના જોખમે સૈનિકોની સેવા કરી હતી.

'ઑપરેશન સિંદૂર'માં શ્રવણ સિંહની અસાધારણ કામગીરી આજે નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે એક ભવ્ય સમારોહ યોજાયો હતો. જેમાં રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂના હસ્તે રાષ્ટ્રીય પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં પંજાબના સરહદી જિલ્લા ફીરોજપુરના નાનકડા ગામ ચોક તારાંવાલીના શ્રવણ સિંહ નામના કિશોરને 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર ૨૦૨૫'થી સન્માનિત કરવામાં આવ્યો હતો. 'ઑપરેશન સિંદૂર' દરમિયાન કરેલી અસાધારણ કામગીરીને લઈને શ્રવણ સિંહને આ પુરસ્કાર આપવામાં આવ્યો છે.

મે ૨૦૨૫માં ભારત-પાકિસ્તાનની સરહદ પર તણાવપૂર્ણ માહોલ હતો. પહલગામ હુમલાના જવાબમાં ભારતીય સેના દ્વારા 'ઑપરેશન સિંદૂર' શરૂ કરવામાં આવ્યું હતું. પાકિસ્તાનના ડ્રોનની હિલચાલ અને હુમલાના જોખમ વચ્ચે શ્રવણ સિંહે સૈનિકોને દરરોજ તેના ઘરેથી ગરમ ભોજન, ચા, દૂધ, લસ્સી અને પીવાનું પાણી પહોંચાડવાની નિઃસ્વાર્થ સેવા કરી હતી. આમ, યુદ્ધની પરિસ્થિતમાં શ્રવણ સિંહે સૈનિકોનું મનોબળ વધારવાનું કામ કર્યું હતું. શ્રવણ સિંહની કામગીરીથી પ્રભાવિત થઈને ભારતીય સેનાએ શ્રવણ સિંહના અભ્યાસનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવવાનો નિર્ણય લીધો છે.

પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માને શ્રવણ સિંહને પંજાબનું ગૌરવ ગણાવ્યો છે અને તેની બહાદુરીને બિરદાવી છે. ભગવંત માને એક્સ પર લખ્યું કે, અમારા ગુરુઓ દ્વારા આપેલી શિક્ષના પગલે ચાલીને, 'ઓપરેશન સિંદૂર' દરમિયાન શ્રવણ સિંહે ઘરેથી ચા-પાણી અને ભોજન લાવીને સૈનિકોની જે સેવા કરી હતી, તે કાબિલે-એ-તારીફ છે. બાળકના દેશ પ્રત્યે ઉત્સાહ અને જોશને સલામ.

# સુરેન્દ્રનગર પંથકના મોટી માલવણ ગામે ૮૫૦ કરોડના સોલાર પ્લાન્ટમાં મોટાપાયે ગેરરીતિના આક્ષેપો

## સોલાર પ્લાન્ટના કૌભાંડ મામલે કલેકટર સામે ચિંધાઈ આંગળી ! વડાપ્રધાન અને ACB સુધી પહોચાડાઈ ફરિયાદો

સુરેન્દ્રનગર, તા.૨૬
સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રા તાલુકાના મોટી માલવણ ગામે ૮૫૦ કરોડના સોલાર પ્લાન્ટમાં મોટાપાયે નાણાકીય ગેરરીતિ અને નિયમોના ભંગ અંગે ગંભીર આક્ષેપો થયા છે. જેમાં સ્થાનિક ખેડૂત અને અગ્રણીઓએ વડાપ્રધાન કાર્યાલય સહિતની એજન્સીઓ સુધી લેખિત ફરિયાદ કરી છે. આ મામલે ઘુડખર અભ્યારણ્ય નજીક ગેરકાયદે બાંધકામ, ભારે વાહનોથી રોડ-પુલને નુકસાન, અને પર્યાવરણને નુકસાન થવાની પણ ફરિયાદ કરાઈ છે. જેને પગલે વહીવટી તંત્રમાં ખળભળાટ મચી ગયો છે અને તપાસની માંગણી ઊઠી છે. સૌથી અચરજની એ વાતનો આક્ષેપ થયો છે કે, આવા કૌભાંડમાં કલેકટર દ્વારા પણ આંખ આડા કાન કરીને કંપનીને ભ્રષ્ટાચારની તક અપાઈ હોવાના જાગૃત નાગરિક અશ્વિનભાઈ પટેલે છેક વડાપ્રધાન ઉપરાંત એસીબી સુધી ફરિયાદો પહોચાડી છે. ફરિયાદમાં એવા આક્ષેપો કરાયા છે કે ૮૫૦ કરોડના સોલાર પ્લાન્ટ પ્રોજેક્ટમાં નાણાકીય ગોટાળા, ભ્રષ્ટાચારની ફરિયાદમાં કંપનીના કાર્યવાહકો અને કલેકટર સુધીના અધિકારો સંડોવાયા હોવાથી ઉચ્ચ કક્ષાએથી ઊંડી તપાસ થવી જરૂરી છે.

મોટી માલવણ ગામના ખેડૂત અશ્વિનભાઈ પટેલ અને અન્ય સ્થાનિકો દ્વારા લેખિતમાં કરાયેલી ફરિયાદમાં આક્ષેપો કરાયા છે કે ઘુડખર અભ્યારણ્યની નજીક સોલાર પ્લાન્ટની મંજૂરી અને ગેરકાયદે બાંધકામથી પર્યાવરણ અને વન્યજીવન (ઘુડખર)ને નુકસાનનો ભય સતાવી રહ્યો છે. પ્લાન્ટ માટે આવતા ભારે વાહનોને કારણે ગામના રસ્તા અને પુલને નુકસાનની અવારનવાર ફરિયાદો પછી પણ કોઈ કાર્યવાહી કરવા કોઈ લાગતા વળગતા સત્તાધીશો જાગતા નથી. સમગ્ર કૌભાંડની ઉંડાણપૂર્વક તપાસ અને જવાબદારો સામે પગલાં લેવાની બુલંદ માંગણી કરવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે એન.એસ સોલાર પ્લાન્ટ અને જિલ્લા કલેક્ટર કક્ષાના અધિકારીઓ દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરી કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરાયો હોવાની ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદ અનુસાર મોટી માલવણ ગામમાં અંદાજે રૂ.૮૫૦ કરોડનો વિશાળ સોલાર પ્લાન્ટ ઉભો કરાયો હોવાનું સામે આવ્યું છે. આ સોલાર પ્લાન્ટને ઘુડખર અભ્યારણ નજીક જિલ્લા કલેક્ટર દ્વારા મંજૂરી આપવામાં આવી હોવાના આક્ષેપ પણ કરવામાં આવ્યા છે, જેના કારણે પર્યાવરણ અને નિયમોની પાલનવારી અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા મામલે ધ્રાંગધ્રાના મોટી માલવણ ગામના ખેડૂત અશ્વિનભાઈ પટેલે આગળ આવીને કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારની રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું છે કે, સોલાર પ્લાન્ટને મંજૂરી આપતી વખતે નિયમોનું પાલન કરવામાં આવ્યું નથી અને તેમાં મોટા પાયે નાણાકીય ગેરરીતિ થઈ હોવાના આક્ષેપો થયા છે. અશ્વિનભાઈ પટેલે આ સમગ્ર મામલે વડાપ્રધાન કાર્યાલય, લાંચ-રુશ્વત બ્યુરો સહિતના વિવિધ સરકારી વિભાગોમાં લેખિત ફરિયાદો કરી છે અને સમગ્ર સોલાર પ્લાન્ટ પ્રોજેક્ટની ઊંડાણપૂર્વક તપાસ કરવાની માગ કરી છે. હાલ આ ફરિયાદોને પગલે વહીવટી તંત્રમાં ખળભળાટ મચી ગયો છે અને હવે સંબંધિત એજન્સીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવે છે કે કેમ તેની તરફ સૌની નજર છે.

# મૂક-બધીર યુવાનનો આપઘાત

## સીડીરૂમમાં પહોચી દોરડું બાંધી કર્યો આપઘાત : છૂટાછેડા થઇ જવાથી રહેતો હતો ગૂમસૂમ

રાજકોટ, તા.૨૬
શહેરની સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલય પાછળ આવેલી માટેલ સોસાયટીમાં આજે એક મુક-બધીર યુવાને પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સામાન્ય રીતે બોલતા ચાલતા યુવાનો કે યુવતીઓ દ્વારા આત્મહત્યાના બનાવથી સૌ પરિચિત હોય છે. પરંતુ આજે આવું આત્મઘાતી પગલું ભરી લેનાર યુવાન મુક અને બધીર હોવાથી આસપાસના લોકોમાં વધુ કરુણા ફેલાઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ મવડી રોડ પર આવેલી સ્વામીનારાયણ ગુરુકુળ વિદ્યાલય પાછળની માટેલ સોસાયટી શેરી-૪ માં રહેતા દિલીપભાઈ જીલુભાઈ સોઢીયા નામના યુવાને આજે સવારે પોતાના ઘરે સીડી રૂમમાં પાઈપમાં દોરડું બાંધીને ગળેફાંસો ખાઈ લીધો હતો. તાલુકા પોલીસે ઘટના સ્થળે દોડીને તપાસ આદરી હતી પરંતુ કોઈ સુસાઇડ નોટ કે ચિઠ્ઠી ચબરખી મળી નથી. બનાવ બાબતે વધુ વિગતો આપતા રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ નિલેશભાઈ ચાવડાએ રાજકોટ મિરરને જણાવ્યું હતું કે મૃતક યુવાન મુકબધીર છે. બે ભાઈ છે અને મૃતક મોટો ભાઈ હતો. થોડા સમય પહેલા તેમના લગ્ન થયા હતા. પરંતુ છૂટાછેડા થઈ જતા તે વાતથી દિલીપભાઈ માનસિક તણાવ અનુભવતા હતા. કદાચ આવા કારણોસર આજે સવારે પોતે સીડી રૂમમાં હતા ત્યારે પાઈપમાં દોરડું ભરાવીને ગળેફાંસો ખાઈ લીધો હતો. લાંબા સમય સુધી ઉપરના રૂમમાંથી મોટોભાઈ નીચે ના ઉતરતા નાના ભાઈએ તપાસ કરતા મોટો ભાઈ દોરડે લટકતો હતો. દરમિયાન તેમણે તાત્કાલિક તાલુકા પોલીસ સ્ટેશન જાણ કરી હતી. મૃતક યુવાન રીક્ષા ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હોવાનું પોલિસ તપાસમાં બહાર આવ્યું છે પોલીસે નીલેશભાઈના મૃતદેહને પીએમ માટે સિવિલ હોસ્પિટલે ખસેડી ધોરણસરની કાર્યવાહી.

# પૈસાની ઉઘરાણીએ જતાં યુવાનને મામાના દિકરાએ ધોકા દીધા

**રાજકોટ:** મારામારીના એક બનાવમાં ધ્રોલમાં સ્વામિનારાયણ પાર્કમાં રહેતાં વિશાલ અનિલભાઇ પરમાર નામના પચ્ચીસ વર્ષના યુવાન પર મોરબી લાયસન્સ નગરમાં રાતે તેના મામાના દિકરા વિજય બારોટે ધોકાથી હુમલો કરતાં ઇજા થઇ છે. વિશાલના કહેવા મુજબ તે સાઉન્ડ સિસ્ટમનું કામ કરે છે. તેણે મોરબી રહેતી મામાની દિકરી શારદાબેનને ઉછીના આઠ હજાર આપ્યા હોઇ આ રકમની હાલ જરૂર હોઇ ફોન કરતાં પૈસા લઇ જવાનું કહેવાયું હતું. આથી પોતે પૈસા લેવા મોરબી ગયો ત્યારે બોલાચાલી થતાં મામાના દિકરા વિજયે ઝઘડો કરી ધોકાથી હુમલો કરી માર માર્યો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે મોરબી એ-ડિવીઝન પોલીસને જાણ કરતાં તપાસ હાથ ધરવામાં આવી છે.

# આવી રમત હોય? બાળકને બેઠકમાં કુટુંબી ભાઈએ હવા ભરી દીધી!

**રાજકોટ:** રમત રમતાં બાળકો ઘણીવાર ગંભીર ઘટનાને અંજામ આપી દેતાં હોય છે. ટંકારામાં આવેલી પોલીમર્સ કંપનીમાં માતા સાથે રહેતાં મુળ યુપીના બાર વર્ષના બાળકને સાંજે કંપનીના કમ્પાઉન્ડમાં મમ્મીના મામાના દિકરા ભાઇ સહિતના છોકરાઓ સાથે રમતો હતો ત્યારે એરપ્રેશરની નળી વડે રમત રમતી વખતે મળ માર્ગે નળી રાખી દઇ પ્રેશર આપી દેતાં પેટમાં હવા ભરાઇ જતાં આ બાળક બેભાન જેવો થઇ ગયો હતો. બાળકને ટંકારા સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ટંકારા પોલીસને જાણ કરી હતી. આ બાળકના પિતા હયાત નથી. તે પાંચ ભાઈમાં બીજો છે. તેના માતા કંપનીમાં નોકરી કરી ગુજરાન ચલાવે છે. પોલીસે નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

# કાકા-કાકીજી પર પરિણીતાનો હુમલો

## કોઠારીયા રોડ રણુજાનગરનો બનાવઃ દંપતિ સારવાર હેઠળ



રાજકોટ, તા. ૨૬
મારામારીની વધુ એક ઘટના બની હતી. જેમાં ઘર કુટુંબના સભ્યો જ બાખડી પડતાં દંપતિને ઇજા થઇ હતી. કોઠારીયા રોડ પર રણુજાનગરમાં રહેતાં દંપતિ પર બાજુમાં જ રહેતી ભત્રીજાવહુએ ઢીકાપાટુ મારતાં અને પથ્થરથી માર મારતાં બંનેને હોસ્પિટલમાં ખસેડાયા હતાં. ઘરમાં કચરો ફેંક્યાનો કાકીજી પર આરોપ મુકી ભત્રીજાવહુએ આ ડખ્ખો કર્યો હતો.

કોઠારીયા રોડ રણુજાનગરમાં બ્રહ્માણી હોલ સામે રહેતાં ઇરવાબેન વિમલભાઇ ટાંક નામના બેતાલીસ વર્ષના યુવાન સાથે બાજુમાં જ રહેતી ભત્રીજાવહુ પાયલબેન જયદિપભાઇ ટાંકે ઝઘડો કરી ઝપાઝપી કરી ઇરવાબેનને પછાડી દઇ પથ્થરથી માર માર્યો મારતાં દેકારો સાંભળી વિમલભાઇ વચ્ચે પડતાં તેને પણ માર મારતાં બંનેને હોસ્પિટલે ખસેડાતાં ઇરવાબેનને સારવાર માટે દાખલ કરાયા હતાં અને વિમલભાઇને પ્રાથમિક સારવાર અપાઇ હતી. ઇરવાબેને કહ્યું હતું કે હું ઘરે હતી ત્યારે પાડોશમાં જ રહેતી મારી ભત્રીજાવહુ પાયલબેને મારી પાસે આવી-તે કેમ મારા ઘરમાં કચરો નાંખ્યો છે? તેમ કહેતાં મેં કોઇ કચરો નાંખ્યો નથી તેવો જવાબ આપતાં તેણીએ ઉશ્કેરાઇ જઇ મારામારી કરી હતી. મિલ્કત મામલે માથાકુટ ચાલતી હોઇ અગાઉ પણ પાંચ વખત ભક્તિનગર પોલીસમાં અરજી કરી છે. વિમલભાઇ અને ઇરવાબેન અનાજ દળવાની ઘંટી ચલાવે છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES, NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA. INITIAL PUBLIC OFFERING OF EQUITY SHARES ON THE SME PLATFORM OF BSE LIMITED IN COMPLIANCE WITH CHAPTER IX OF THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018, AS AMENDED ("SEBI ICDR REGULATIONS").

PUBLIC ANNOUNCEMENT FOR INVITING PUBLIC COMMENTS ON DRAFT OFFER DOCUMENT

Advance

ADVANCE TECHNOFORGE LIMITED

Please scan this QR code to view the Draft Offer Document

CIN: U28111GJ2013PLC076316

Our Company was incorporated as a private limited company in the name and style of 'Advance Technoforge Private Limited' under the Companies Act, 1956, pursuant to a Certificate of Incorporation dated 5 August 2013 issued by the Registrar of Companies, Ahmedabad, Gujarat (**"RoC"**). Pursuant to a special resolution passed by our shareholders in the Extra Ordinary General Meeting held on 8 July 2024, our Company was converted into a public limited company and the name of our Company was changed to 'Advance Technoforge Limited' and a fresh Certificate of Incorporation dated 6 September 2024 was issued to our Company by the RoC. For further details on the changes in the name and registered office of our Company, see *"History and Certain Corporate Matters"* on page 150 of the Draft Prospectus.

**Registered Office:** Sr. No.121, Plot No.1 to 6, At. & Po. Padavala Road, Opp. Eaterflow Piping System,Veraval Shapar, Lodhika, Rajkot, Gujarat, India, 360024;
**Tel No:** +91 98253 68310 | **E-Mail ID:** cs@advancetechforge.com | **Website:** www.advancetechforge.com
**Contact Person:** Ms. Payal Bansal, Company Secretary & Compliance Officer

OUR PROMOTERS: NILESH SHAMBHUBHAI MOLIYA, PRADIPBHAI BHIKHABHAI VORA, DAXABEN NILESHBHAI MOLIYA, KAJAL ALPESHBHAI MOLIYA AND SHRADDHABEN PRADIPBHAI VORA

**INITIAL PUBLIC ISSUE OF UPTO 25,30,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH ("EQUITY SHARES") OF ADVANCE TECHNOFORGE LIMITED (THE "COMPANY" OR THE "ISSUER") FOR CASH AT A PRICE OF ₹ [●] PER EQUITY SHARE INCLUDING A SHARE PREMIUM OF ₹ [●] PER EQUITY SHARE (THE "ISSUE PRICE") AGGREGATING TO ₹ [●] LAKHS ("THE ISSUE") OF WHICH UPTO [●] EQUITY SHARES AGGREGATING TO ₹ [●] LAKHS WILL BE RESERVED FOR SUBSCRIPTION BY MARKET MAKER TO THE ISSUE (THE "MARKET MAKER RESERVATION PORTION"). THE ISSUE LESS THE MARKET MAKER RESERVATION PORTION I.E., NET ISSUE OF UPTO [●] EQUITY SHARES AGGREGATING TO ₹ [●] LAKHS (THE "NET ISSUE"). THE ISSUE AND THE NET ISSUE WILL CONSTITUTE [●] % AND [●] % RESPECTIVELY OF THE POST ISSUE PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY. FOR FURTHER DETAILS, PLEASE REFER TO CHAPTER TITLED "TERMS OF THE ISSUE" ON PAGE 274 OF THE DRAFT PROSPECTUS.**

**THE FACE VALUE OF THE EQUITY SHARE IS ₹ 10 EACH. THE ISSUE PRICE IS [●] TIMES THE FACE VALUE OF THE EQUITY SHARES.**

THIS ISSUE IS BEING MADE IN TERMS OF CHAPTER IX (INITIAL PUBLIC OFFER BY SMALL AND MEDIUM ENTERPRISES) OF THE SEBI ICDR REGULATIONS. THIS ISSUE IS A FIXED PRICE ISSUE AND ALLOCATION IN THE NET OFFER TO THE PUBLIC WILL BE MADE IN TERMS OF REGULATION 253(3) OF THE SEBI ICDR REGULATIONS.

In terms of Regulation 256 of SEBI ICDR Regulations read with the SEBI Circular No. CIR/CFD/POLICYCELL/11/2015 dated November 10, 2015, and Unified Payments Interface (UPI) introduced vide SEBI Circular Ref: SEBI/HO/CFD/DIL2/CIR/P/2018/138 dated November 1, 2018 all the potential investors shall participate in the issue only through an Application Supported by Blocked Amount ("ASBA") process providing details about the bank account which will be blocked by the Self Certified Syndicate Banks ("SCSBs') for the same. Further, pursuant to SEBI Circular No. SEBI/HO/CFD/DCR2/CIR/P/2019/133 dated November 08, 2019, Individual Investors applying in public issue may use either Application Supported by Blocked Amount (ASBA) process or UPI payment mechanism by providing UPI ID in the Application Form which is linked to the Bank Account of the investor. For details in this regard, specific attention is invited to **"Issue Procedure"** beginning on page no. 286 of the Draft Prospectus.

This public announcement is being made in compliance with the provisions of Regulation 247 of the SEBI ICDR Regulations to inform the public that our Company is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering of its Equity Shares pursuant to the Issue and has filed the Draft Prospectus dated December 23, 2025 with SME Platform of BSE Limited. Pursuant to Regulation 247 of the SEBI ICDR Regulations, the Draft Prospectus filed with BSE Limited shall be made available to public for comments, if any, for a period of at least 21 days, from the date of such filing by hosting it on the website of BSE Limited at and www.bseindia.com, on the website of the Company at www.advancetechforge.com and on the websites of the Lead Manager, i.e. Sun Capital Advisory Services Private Limited at www.suncapitalservices.co.in. Our Company invites members of the public to give their comments, if any, on the Draft Prospectus filed with BSE Limited, with respect to disclosures made in the Draft Prospectus. The members of the public are requested to send a copy of their comments, if any, to BSE and/ or to the Company Secretary and Compliance Officer of our Company and/or the Lead Manager at their respective addresses mentioned herein below by 5.00 p.m. on the 21st day from the aforesaid date of filing of the Draft Prospectus with BSE Limited.

Investments in Equity and Equity related securities involve a degree of risk and investors should not invest any funds in this issue unless they can afford to take the risk of losing their entire investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in the Issue. For taking an investment decision, investors must rely on their own examination of our Company and the Issue including the risks involved. The Equity Shares issued in the Issue have not been recommended or approved by the Securities and Exchange Board of India (**"SEBI"**), nor does SEBI guarantee the accuracy or adequacy of the Draft Prospectus. Specific attention of the investors is invited to the section **"Risk Factors"** beginning on page 32 of the Draft Prospectus. Any decision to invest in the Equity Shares described in the Draft Prospectus may only be taken after the Prospectus has been filed with the RoC and must be made solely on the basis of such Prospectus as there may be material changes in the Prospectus from the Draft Prospectus.

Equity Shares, issued through the Prospectus, are proposed to be listed on the SME Platform of BSE Limited.

For details of the share capital and capital structure and the names of the Signatories to the Memorandum of Association and the number of shares subscribed by them of our Company, please see the section titled **"Capital Structure"** beginning on page 71 of the Draft Prospectus. The liability of members of our Company is limited.

For details of the main objects of our Company as contained in the Memorandum of Association, please see the section titled ***"History and Certain Corporate Matters"*** beginning on page 150 of the Draft Prospectus.

| LEAD MANAGER TO THE ISSUE | REGISTRAR TO THE ISSUE | COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER |
|---|---|---|
| Sun capital<br>**SUN CAPITAL ADVISORY SERVICES PRIVATE LIMITED**<br>302, 3rd Floor, Kumar Plaza, Near Kalina Market, Kalina Kurla Road, Santacruz East, Mumbai-400029, Maharashtra, India<br>**Telephone:** 022 6178 6000<br>**Email:** mb@suncapital.co.in<br>**Website:** www.suncapitalservices.co.in<br>**Investor Grievance Email:** investorgrievance@suncapital.co.in<br>**Contact Person:** Mr. Ghanshyam Kapadia / Mr. Ajesh Dalal<br>**SEBI Registration No:** INM000012591 | KFINTECH<br>**KFIN TECHNOLOGIES LIMITED**<br>301, The Centrium, 3rd Floor, Lal Bahadur Shastri Road, Nav Pada, Kurla (West), Mumbai – 400070, Maharashtra<br>**Telephone:** +91-40-6716 2222<br>**Email:** advancetech.ipo@kfintech.com<br>**Website:** www.kfintech.com<br>**Investor Grievance Email:** einward.ris@kfintech.com<br>**Contact Person:** Mr. M Murali Krishna<br>**SEBI Registration Number:** INR000000221 | Advance<br>**Name:** Ms. Payal Bansal<br>**Website:** www.advancetechforge.com/<br>**Tel. No.:** +91 98253 68310<br>**Email:** cs@advancetechforge.com<br>Investors can contact our Company Secretary and Compliance Officer, Book Running Lead Managers or Registrar to the Offer, in case of any pre issue or post issue related problems, such as non- receipt of letter of allotment, non- credit of allotted Equity shares in the respective beneficiary account, non-receipt of refund orders and non-receipt of funds by electronic mode etc. |

All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed in the Draft Prospectus.

**For Advance Technoforge Limited**
**On behalf of the Board of Directors**
**Sd/-**
**Mr. Nilesh Moliya**
**Managing Director**
**DIN – 03480165**

**Place:** Rajkot
**Date:** December 26, 2025

**Advance Technoforge Limited** is proposing, subject to the receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering of its Equity Shares and has filed the Draft Prospectus dated December 23, 2025 with SME Platform of BSE Limited. The Draft Prospectus is available on the website of the BSE Limited at www.bseindia.com, the website of the Company at www.advancetechforge.com and the website of the Lead Manager, i.e. Sun Capital Advisory Services Private Limited at www.suncapitalservices.co.in. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section titled **"Risk Factors"** on page 32 of the Draft Prospectus. Potential investors should not rely on the Draft Prospectus filed with BSE Limited for making any investment decision. The Equity Shares have not been and will not be registered under the U.S Securities Act of 1933 ("US Securities Act"), or any state securities law in the United States, and unless so registered, and may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to the registration requirements of the US Securities Act and applicable US State securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside the United States in 'offshore transactions' in reliance of Regulations and applicable laws of each jurisdiction where such offers and sales are made. There will be no public offering of the shares in the United States.

AdBaaz

### પ્રેમ કરવો એ ગુનો નથી, પણ પ્રેમના નામે ગુનાખોરી આચરવી કેટલુ વાજબી?

# સગર્ભાને લૂંટી પ્રેમીકા સાથે મનાલી ગયેલો પાગલ પ્રેમી ઝડપાયો

## રોકડ-દાગીના લૂંટી યુવાન પોતાની પ્રેમિકાને મનાલી ફરવા લઈ ગયોઃ પ્રેમિકાના ખાતામાં ઓનલાઇન ટ્રાન્જેકશન કર્યુ અને પોલીસને કડી મળીઃ હોટેલના રૂમમાંથી આબાદ ઝડપી લીધો

રાજકોટ, તા. ૨૬

પ્રેમમાં પડેલા ઘણા પ્રેમીઓ એવા અંધ થઇ જતાં હોય છે કે પ્રેમીકા માટે થઇને ગમે તેવી ગુનાખોરી પણ આચરી લેતાં હોય છે. આવી જ એક ચોંકાવનારી ઘટનાનો પર્દાફાશ થયો છે. જેમાં એક શખ્સે પ્રેમિકાને મનાલી ફરવા લઇ જવી હોઇ પરંતુ પૈસા ન હોઇ તે કારણોસર પોતાના જ પાડોશમાં રહેતી એક સગર્ભા પર હુમલો કરી મારકુટ કરી રોકડ લૂંટી લીધી હતી. જો કે પ્રેમિકા સાથે મનાલી પહોંચી મોજ કરી રહેલા આ શખ્સને પોલીસે મનાલીની હોટેલમાંથી આબાદ ઝડપી લીધો હતો અને કાયદાનું ભાન કરાવ્યું છે. અગાઉ ટ્રાન્સપોર્ટની ઓફિસમાં કામ કરતો આ શખ્સ છ મહિનાથી બેકાર હોઇ ગામના પૈસે પ્રેમિકાને મજો-મજો કરાવવા લૂંટનો પ્લાન ઘડી તેને અમલમાં મુક્યો હતો.

ચોંકાવનારી ઘટનાની વિગતો પર નજર કરીએ તો સુરતના ઇચ્છાપોર વિસ્તારમાં આવેલી સ્વાગત રેસીડેન્સીમાં માનવતાને શરમાવે તેવી લૂંટની બની છે. આ જ બિલ્ડિંગમાં પાંચમા માળે રહેતા ૨૨ વર્ષીય જતીનસિંગ ચૌધરીએ પોતાની પડોશમાં રહેતી સાત મહિનાની સગર્ભા મહિલાને નિશાન બનાવી હતી. આરોપીએ પૂર્વ આયોજિત કાવતરા મુજબ મહિલા ઘરે એકલી હોવાનો લાભ ઉઠાવી, દરવાજો ખોલાવીને તેમની આંખમાં લાલ મરચાનો પાવડર નાખી દીધો હતો. આ ક્રૂર હુમલા બાદ આરોપીએ સગર્ભા મહિલાને ઢીકા-પાટુનો માર મારી સ્ક્રુ ડ્રાઇવરના ઘા ઝીંક્યા હતા, જેના કારણે મહિલા બેભાન થઈ ગઈ હતી. મહિલા બેભાન થતા જ આરોપી જતીને કબાટમાંથી રૂપિયા ૨,૨૬,૩૦૦ની કિંમતના સોના-ચાંદીના ઘરેણાંની લૂંટ ચલાવી હતી.

લૂંટની ઘટનાને અંજામ બાદ આરોપી પોતાનું એક્ટિવા લઈને નાસી છૂટ્યો હતો અને રેલ્વે સ્ટેશન પર વાહન મૂકી ટ્રેન વાટે ફરાર થઈ ગયો હતો. લૂંટની આ ઘટના બાદ ઇચ્છાપોર પોલીસે જ્યારે તપાસ શરૂ કરી ત્યારે આરોપીએ પોતાનો મોબાઈલ ફોન બંધ કરી દીધો હોવાથી તેને પકડવો પડકારજનક હતો. ડિજિટલ યુગમાં ગુનેગાર ભલે ફોન બંધ રાખે, પણ તેની આર્થિક લેવડદેવડ ક્યાંકને ક્યાંક પૂરાવા છોડી જતી હોય



છે. આરોપી જતીન લૂંટના માલને સગેવગે કરી તેની ગર્લફ્રેન્ડ સાથે હિમાચલ પ્રદેશના મનાલીમાં મોજ-મજા કરવા માંગતો હતો. લૂંટ કર્યા બાદ તેણે સૌથી પહેલું કામ પોતાની અમદાવાદની ગર્લફ્રેન્ડના બેંક એકાઉન્ટમાં ૩૫,૦૦૦ ટ્રાન્સફર કરવાનું કર્યું હતું.

આ નાણાંનો ઉપયોગ મનાલીના વેકેશન અને ગર્લફ્રેન્ડના ખર્ચ માટે કરવાનો તેનો ઈરાદો હતો. તેને લાગ્યું હતું કે તે સુરતથી હજારો કિલોમીટર દૂર પહાડોમાં છુપાઈ જશે તો પોલીસ તેને ક્યારેય શોધી શકશે નહીં. ઇચ્છાપોર પોલીસની સર્વેલન્સ ટીમે જ્યારે આરોપીના બેંક એકાઉન્ટની ઝીણવટભરી તપાસ કરી, ત્યારે અમદાવાદની એક યુવતીના એકાઉન્ટમાં થયેલું ટ્રાન્ઝેક્શન શંકાસ્પદ જણાયું હતું. પોલીસે તાત્કાલિક તે યુવતીની ડિટેલ્સ મેળવી અને તેના મોબાઈલ નંબરનું લોકેશન ટ્રેક કર્યું. આશ્ચર્યજનક રીતે તે લોકેશન છેક મનાલી હિમાચલ પ્રદેશનું આવ્યું હતું. આ એક મહત્વની કડી હતી જેનાથી પોલીસને ખાતરી થઈ ગઈ કે લૂંટારો જતીન પોતાની પ્રેમિકા સાથે મનાલીમાં વેકેશન મનાવી રહ્યો છે. ઇચ્છાપોર પોલીસની એક વિશેષ ટીમ તાત્કાલિક મનાલી પહોંચી હતી.

ત્યાં લોકેશન વાળા વિસ્તારમાં પોલીસે સ્થાનિક પ્રવાસી બનીને વિવિધ હોટલોમાં તપાસ શરૂ કરી હતી. પોલીસે અત્યંત સાવધાનીપૂર્વક આરોપી અને તેની ગર્લફ્રેન્ડની રેકી કરી હતી. જેવો જતીન તેની ગર્લફ્રેન્ડ સાથે હોટલની બહાર ફરવા નીકળ્યો, કે તરત જ સાદા ડ્રેસમાં તૈયાર ઉભેલી સુરત પોલીસે તેને દબોચી લીધો હતો. ગર્લફ્રેન્ડના મોહમાં આરોપીએ કરેલી એક ભૂલે તેની મનાલીની ટ્રીપને જેલની મુલાકાતમાં ફેરવી દીધી હતી. આ કેસને ઉકેલવા માટે સુરત પોલીસે ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કર્યો હતો. આરોપી સુરતમાંથી કેવી રીતે અને કયા માર્ગે ભાગ્યો તે જાણવા માટે શહેરના અલગ-અલગ વિસ્તારોના સવાસોથી વધુ સીસીટીવી કેમેરા ફૂટેજ તપાસવામાં આવ્યા હતા.

આ ફૂટેજ પરથી જ ખબર પડી હતી કે તે એક્ટિવા રેલ્વે સ્ટેશન પર મૂકીને ટ્રેનમાં બેસી નાસી છૂટ્યો હતો. સીસીટીવી ફૂટેજ અને બેંક ટ્રાન્ઝેક્શનના આધારે પોલીસે આખા કેસનું કોયડું ઉકેલી નાખ્યું હતું. પકડાયેલા આરોપી જતીનસિંગ ચૌધરી સામે અગાઉ કોઈ ગુનાહિત ઇતિહાસ છે કે કેમ તેની પણ તપાસ થઇ રહી છે. પ્રેમાંધ પ્રેમીએ કઇ હદ સુધી જઇ પ્રેમિકાને ખુશ કરવા ગુનેગારનું લેબલ મેળવી લીધુ તે વાત આ ઘટના પરથી પ્રતીત થઇ છે.

---

### ભેજાબાજ સ્કૂલના વાલીઓના ગ્રુપમાંથી કોઇ એકનો નંબર હેક કરી પછી જાળ બીછાવતો

# વ્હોટ્સએપ હેક કરી નાણા પડાવતો ગઠીયો ઝડપાયો

## ભણ્યો છે દસ જ ચોપડી પણ સાયબર ફ્રોડની તેની મોડસ ઓપરેન્ડી જાણીને પોલીસ પણ ચકરાવે ચડીઃ રાજકોટ, નડીયાદ, ખેડા, વલસાડના દસ લોકોને છેતર્યા

રાજકોટ, તા. ૨૬

ઓનલાઇન ફ્રોડના એક ભુલો ત્યાં બીજા નુસ્ખા સામે આવે છે. દરમિયાન એક સાયબર ફ્રોડનો પર્દાફાશ થયો છે. જેમાં એક ભેજાબાજ ગઠીયો વ્હોટ્સએપ હેક કરીને નાણા પડાવતો હતો. આવા દસ ગુના તેણે આચરી લીધા બાદ પોલીસના હાથમાં આવી જતાં તપાસ શરૂ થઇ છે. વોટ્સએપ હેક કરીને સંપર્ક નંબરો પર વાત કરી આ શખ્સ રૂપિયા પડાવતો હતો.




વિગતો પર નજર કરીએ તો સાયબર ફ્રોડના દસ ગુના ઉકેલાયા છે. પોલીસે જે ગઠીયાને પકડ્યો છે તેની મોડસ ઓપરેન્ડી પોલીસને પણ ચકરાવે ચડાવી ગઇ હતી. નડિયાદની એક સ્કૂલના વાલીઓના ગ્રુપમાંથી કોઇ એક વાલીનું વોટ્સએપ હેક કર્યા બાદ ભેજાબાજે ગ્રુપમાં સામેલ બીજા વાલી સાથે વાત કરી રૂપિયા ૧૪ હજાર ટ્રાન્સફર કરાવી લીધા હતા. ત્યારબાદ ભેજાબાજે વધુ રકમ માગતાં રૂપિયા આપનાર વાલીએ ક્રોસ ચેક કર્યુ હતું.જેમાં રૂપિયા માગનાર વ્યક્તિ ઠગાઇ કરતી હોવાનું જણાઇ આવતાં તેમણે નડિયાદ પશ્ચિમ પોલીસના પીઆઇ કે એચ ચૌધરીને ફરિયાદ કરી હતી.

આ ઘટના જાહેર થતાં તપાસ બાદ નડિયાદ પોલીસે વડોદરા પાસે પોર રમણગામડી ખાતે રહેતા અને હાલમાં છાણીમાં રહેવા ગયેલા પ્રિતેશ મહેશભાઇ પ્રજાપતિને વડોદરામાંથી ઝડપી પાડયો હતો.પોલીસે તેની પૂછપરછ કરતાં છેલ્લા કેટલાક સમયથી આ રીતે રૂપિયા ટ્રાન્સફર કરાવતો હોવાની વિગતો બહાર આવી હતી.

આરોપીએ ખેડા, નડિયાદ, રાજકોટ અને વલસાડ જેવા સ્થળોએ દસ જેટલા લોકો પાસેથી રકમો પડાવી હોવાની વિગતો ખૂલતાં તેને તા.૨૫ સુધી રિમાન્ડ પર લેવામાં આવ્યો છે.પોલીસે તેનો મોબાઇલ પણ કબજે કરી ફોરેન્સિક લેબમાં મોકલવા તજવીજ કરી છે. પોલીસે કહ્યું કે પ્રિતેશ મેટ્રિક સુધી અભ્યાસ કર્યો છે. ત્યારબાદ તેણે આગળ અભ્યાસ કર્યો નહતો અને ધંધામાં લાગી ગયો હતો. આમ છતાં તે મોબાઇલ હેક કરવામાં માહેર થઇ ગયો હતો. ટ્રાન્સફર કરાવી લીધેલી રકમ દસ વીસ હજાર જેટલી હોવાથી લોકો ફરિયાદ કરવાનું પણ ટાળતા હતા.

આ ઉપરાંત પ્રિતેશ અણધાર્યા મોબાઇલ નંબરની ટ્રુ કોલર પરથી નામ મેળવી ગૂગલ પરથી વધુ ડીટેલ મેળવતો હતો.ત્યારબાદ તે વ્યક્તિ સાથે તેનું નામ લઇને વાત કરતો હતો અને ભૂલથી તમારા નંબર પર મારો ઓટીપી આવી ગયો છે તેમ કહીને ઓટીપી મેળવી લેતો હતો.આ સાથે જ સામેની વ્યક્તિનું વોટ્સએપ હેક થઇ જતું હતું.ત્યારપછી તે ફટાફટ કોન્ટેક્ટ નંબર અને ગ્રુપ મેમ્બર્સનો સંપર્ક કરી રૂપિયા માંગતો હતો. પોલીસની -ાથમિક તપાસમાં એવી વિગતો બહાર આવી છે કે પ્રિતેશ કાપડનો ધંધો કરતો હતો અને તેમાં તેને ખોટ જતાં રૂપિયા મેળવવા માટે મોબાઇલનો ઉપયોગ શરૂ કર્યો હતો. સાયબર ફ્રોડમાં આસાની થી કોઇને કોઇ ફસાઇ જતું હતું. આમ આ દસ ચોપડી ભણેલા સાયબર ગઠીયાની હકિકત સામે આવતાં પોલીસ પણ વિચારમાં પડી ગઇ હતી. વિશેષ તપાસમાં વધુ વિગતો બહાર આવવાની પોલીસને આશા છે.

---

### જુદા જુદા કારણે માણસો ત્યજી દેતાં હોય છે મહામુલી જિંદગીઃ ત્રણ ઘટના

# યુવતિ અને બે વૃધ્ધાએ ઝેર-એસિડ પી મોત વ્હાલા કર્યા

## અઢાર વર્ષની યુવતિના આપઘાતનું કારણ અકળઃ વૃધ્ધા, મહિલા કંટાળી ગયા હતાં બિમારીઓથી

રાજકોટ, તા. ૨૬

અલગ અલગ કારણોસર આપઘાત અને આપઘાતના પ્રયાસની પાંચ અલગ અલગ ઘટનાઓ બની છે. જેમાં અઢાર વર્ષની એક યુવતિએ અકળ કારણોસર આપઘાત કરી લીધો હતો. તો એક વૃધ્ધા કેન્સર સામે હારી જતાં મોત વ્હાલુ કરી લીધુ હતું. તો એક મહિલાથી માથાનો દુઃખાવો સહન ન થવાથી તેમણે મોત મેળવી લીધુ હતું. આપઘાતના પ્રયાસની ઘટનાઓ જોઇએ તો એક પરિણીતાને હવે કુંવારા પ્રેમી સાથે પરણવાના અભરખા જાગતાં તે એસિડ પી ગઇ હતી. એક કિન્નરને તેની માતાનો પુર્વ પ્રેમી હેરાન કરતો હોવાથી તેણે એસિડ પી લઇ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.




વિગતો પર નજર કરીએ તો રાજકોટના લોધીકાના ઢોલરા ગામે રહેતી યુવતિએ એસિડ પી લેતાં સારવાર માટે રાજકોટ ખસેડાઇ હતી. પરંતુ સારવાર કારગત ન નિવડતાં તેણીનું મોત થયું હતુ. ઢોલરા ગામે રહેતી બંસી સુનિલભાઇ ચાંડપા નામની અઢાર વર્ષની યુવતિએ પખવાડીયા પહેલા ઘરે એસિડ પી લેતાં ઉલ્ટીઓ કરવા માંડતા પરિવારજનોને ખબર પડતાં ટંકારા હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરી હતી. વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ આજે સવારે મોત થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનાર બંસી ત્રણ બહેનમાં નાની હતી. તેના પિતા કારખાનામાં મજૂરી કરે છે. આપઘાતનું કારણ પરિવારજનો જાણતાં ન હોઇ શાપર પોલીસે કારણ જાણવા માટે વિશેષ તપાસ યથાવત રાખી હતી.

બીજી ઘટનામાં રૈયા રોડ પર આલાપ ગ્રીન સોસાયટી પાછળ અમૃત સોસાયટી-૨માં રહેતાં વિજ્યાબેન વિઠ્ઠલભાઇ સુદ્રા નામના સિત્તેર વર્ષના વૃધ્ધાએ ઘરે ઝેરી દવા પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવાર દરમિયાન દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના ચિત્રકેતુસિંહ, ધર્મેન્દ્રભાઇ, રવિભાઇ સહિતે કરતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના મુકેશભાઇ ચરમટાએ જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ વિજ્યાબેનને કેન્સરની બિમારી હોઇ કેન્સર છેલ્લા સ્ટેજમાં આવી ગયું હતું. સારવાર છતાં ફરક પડતો ન હોઇ કંટાળી જઇ તેમણે આ પગલુ ભર્યુ હતું. તેમને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. આ ઘટનાને પગલે પરિવારજનો શોકમાં ગરક થઇગયા હતાં.

ત્રીજો બનાવ જોઇએ તો ર વાંકાનેરના ચંદ્રપુર ગામે રહેતાં વસંતબેન મનોજભાઇ પરમાર નામના પચાસ વર્ષના મહિલાએ ૨૪મીએ ઘરે એસિડ પી લેતાં વાંકાનેર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ આજે સવારે મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આત્મહત્યા કરી લેનારા વસંતબેનના પતિ ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. પરિવારજનોના કહેવા મુજબ વસંતબેનને સતત માથાનો દુઃખાવો રહેતો હોઇ સારવાર દવા કરાવવા છતાં સારું થતું ન હોવાથી કંટાળી જઇ આ પગલુ ભર્યુ હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં વાંકાનેર તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી.

તેમજ અપમૃત્યુની અન્ય એક ઘટનામાં રાજકોટના અમરગઢ ભીચરી ગામે રહેતાં સોનલબેન ભીખુભાઇ વજકાણી નામના સાંઇઠ વર્ષના વૃધ્ધા બિમારીને લીધે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં કુવાડવા રોડ પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરી હતી.

આપઘાતા પ્રયાસની ઘટના જોઇએ તો ગોંડલમાં રહેતો કિન્નર રાતે એસિડ પી જતાં ગોંડલ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગોંડલ એ-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. આ કિન્નર હાલ તેના માતા અને ભાઇ સાથે રહે છે. તેના પિતા અલગ રહે છે. કિન્નરના માતાએ જણાવ્યું હતું કે પાંચેક વર્ષ પહેલા મારે મારા મામાના દિકરા સાથે પ્રેમસંબંધ હતો. બે વર્ષ બાદ મેં આ સંબંધ પુરો કરી નાંખ્યો હતો. હવે છેલ્લા ત્રણ વર્ષથી તેની સાથે કોઇ સંબંધ નથી. આમ છતાં તે મને ધરાર સંબંધ રાખવાનું કહી હેરાન કરે છે. આ ઉપરાંત હું મારા કિન્નર દિકરા સાથે રહેતી હોઉ તે મારા દિકરાને પણ ફોન કરી કહે છે કે તું તારી માને તારાથી અલગ કરી દે એટલે હું લઇ જાવ. આ રીતે તેની હેરાનગતી વધી ગઇ હોઇ જેથી મારા દિકરાએ એસિડ પી લીધુ હતું. આક્ષેપોમાં કેટલુ તથ્ય છે તે જાણવા પોલીસ તપાસ કરી રહી છે.

બીજા બનાવમાં રૈયાધાર વિસ્તારમાં રહેતી ૩૫ વર્ષિય પરિણીતાએ ગત સાંજે પડધરી ખાતે પિતાના ઘરે હતી ત્યારે આપઘાતનો પ્રયાસ કરતાં રાજકોટ સારવાર માટે ખસેડાઇ છે. તેણીએ કહ્યું હતું કે મારા લગ્ન આઠ વર્ષ પહેલા થયા છે અને બે સંતાન છે. પતિ છુટક કામ કરે છે. પોતાને ચારેક વર્ષથી એક કુંવારા દેવીપૂજક શખ્સ સાથે પ્રેમ થઇ ગયો છે. હવે પોતે આ પ્રેમી સાથે રહેવા ઇચ્છે છે અને પતિ સાથે છુટાછેડા લેવા છે. આ બાબતે વાત કરવા પોતે પિતાના ઘરે ગઇ હતી. પિતાએ છુટાછેડા અપાવી દેશે પણ હમણા શાંતી રાખવાનું કહેતાં પોતાને માઠુ લાગતાં એસિડ પી ગઇ હતી. સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે જાણ કરતાં પડધરી પોલીસે આ મહિલાનું નિવેદન નોંધવા તજવીજ કરી હતી. પોતે હાલમાં જેની સાથે પ્રેમ છે તેને લગ્ન પહેલાથી ઓળખતી હોવાનું પણ તેણીએ કહેતાં પોલીસે નિવેદન નોંધવા કાર્યવાહી કરી હતી.

---

### મજૂરીના બહાને યુવતીને મોકલી ખેડૂતને બાથ ભરાવી વિડીયો ઉતાર્યો ને વાયરલ કરવાની ધમકી દીધી

# ખેડૂતને હનીટ્રેપમાં ફસાવી અડધો કરોડ પડાવ્યા

## યુવતી સહિત આઠ શખ્સોની ટોળકીએ એક કરોડથી વધુની ખંડણી માંગી સોનાના બિસ્કિટ અને રોકડ પડાવી લીધા

રાજકોટ, તા. ૨૬

હનીટ્રેપની ઘટનાઓ અવાર નવાર પોલીસ ચોપડે ચડતી હોય છે. અલગ અલગ ટોળકીઓ યુવતીને સાથે રાખી યુવાનો વેપારીઓ વૃદ્ધો સહિતને હનીટ્રેપમાં ફસાવી પૈસા પડાવતા હોવાના અનેક બનાવોનો પર્દાફાશ થઈ ચૂક્યો છે. આ દરમિયાન એક ખેડૂતને યુવતી સહિત આઠ જણાની ટોળકીએ હનીટ્રેપમાં હસાવી અડધો કરોડ પડાવી લીધા છે આ ઉપરાંત વધુ એક કરોડની ખંડણી માંગી હતી.

ઘટના પર નજર કરીએ તો મોરબીના અવની ચોકડી વિસ્તારમાં રહેતા અને રવાપર રોડ પર ખેતીની જમીન ધરાવતા ૫૯ વર્ષીય ખેડૂત ભરતભાઈ અમરશીભાઈ કાસુન્દ્રાને હનીટ્રેપમાં ફસાવી, બદનામ કરવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી રૂ. ૫૩,૫૦,૦૦૦નો મુદ્દામાલ પડાવી લેવાનો સનસનીખેજ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ખુશીબેન પટેલ સહિત ૮ શખ્સો સામે ગુનાહિત કાવતરું, ખંડણી અને અપહરણની કલમો હેઠળ ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદ મુજબ, ભરતભાઈને વાડીએ મજૂરની જરૂર હોય, તેમના ડ્રાઈવર તરીકે કામ કરતા પાંચાભાઈ કોળીએ ગોંડલની




ખુશીબેન પટેલ નામની યુવતીનો સંપર્ક કરાવ્યો હતો. ખુશીબેને ફોન પર કરગરીને મજૂરી કામની માંગણી કરી હતી. ગત તા. ૧૧/૧૨/૨૦૨૫ ના રોજ ભરતભાઈ તેને તેડવા ગયા અને વાડીએ પહોંચ્યા ત્યારે પૂર્વ આયોજિત કાવતરા મુજબ ખુશીબેને પોતાના કપડાં ઉતારવાનું શરૂ કરી ભરતભાઈને બાથ ભરી લીધી હતી.

તે જ સમયે બે સ્વીફ્ટ કારમાં અન્ય સાત શખ્સો મુકેશ આલ, રામા હાડગડા, જીલા ભરવાડ, મનીષ ગારીયા, પાંચા કોળી, કરણ ઉર્ફે કે.કે. વરૂ અને દેવાંગ વેલાણી ત્યાં ધસી આવ્યા હતા. આરોપીઓએ આ દ્રશ્યોના ફોટા અને વિડીયો ઉતારી લીધા હતા. ભરતભાઈને લાફા મારી ‘‘અમારા સમાજની દીકરી સાથે છેડતી કરી છે‘‘ તેમ કહી બદનામ કરવાની અને બળાત્કારના ગુનામાં ફસાવવાની ધમકી આપી હતી. આરોપીઓએ સમાધાન માટે રૂ. ૧ કરોડ ૧૧ લાખની માંગણી કરી હતી.

ડરી ગયેલા ખેડૂતે શરૂઆતમાં રૂ. ૧ લાખ રોકડા અને અઢી તોલાનો સોનાનો ચેન આપી દીધો હતો. ત્યારબાદ આરોપીઓએ ધમકીઓ ચાલુ રાખતા અને જાનથી મારી નાખવાની બીક બતાવતા, ભરતભાઈએ પોતાના ઘરેથી ૧૦૦-૧૦૦ ગ્રામના ૪ સોનાના બિસ્કિટ કિંમત રૂ. ૫૦ લાખ પણ આપી દીધા હતા. આમ, કુલ રૂ. ૫૩.૫૦ લાખની લૂંટ ચલાવવામાં આવી હતી.

આટલેથી ન અટકતા, ગત તા. ૧૬ના રોજ આરોપીઓ મુકેશ આલ અને જીલા ભરવાડ ખેડૂતને સમાધાનના બહાને ગાડીમાં બેસાડી બોટાદ લઈ ગયા હતા. ત્યાં એક ઓફિસમાં આખી રાત ગોંધી રાખી ફરીયાદ ન કરવા માટે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અંતે હિંમત એકઠી કરી ભરતભાઈએ પોતાના સબંધીઓને વાત કરતા સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. મોરબી સીટી એ ડિવિઝન પોલીસે આ મામલે આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમહેઠળ ગુનો નોંધી તમામ આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### તમારી બંધ થઇ ગયેલી વીમા પોલીસી ચાલુ કરાવો, છપ્પન હજાર ભરશો તો દસ લાખ મળશે!

# વીમા પોલીસીના નામે સાયબર ફ્રોડમાં ૨૩ લાખનો ચૂનો

## વેપારી વાતમાં આવી ગયા અને ગઠીયાએ કટકે કટકે અલગ અલગ બહાને બસ્સો ઓગણીસ ટ્રાન્જેક્શન કરાવી લાખો ઉસેડી લીધા

રાજકોટ, તા. ૨૬

ઓનલાઇન ગઠીયાગીરી અટકતી જ નથી. રોજે રોજ ગઠીયાઓ મોજેમોજ કરી રહ્યા છે. લોકોને ગમે તેમ કરીને છેતરી લેવાની આવડત ધરાવતાં આ ગઠીયાઓથી ચેતતા રહેવાની શીખામણ પોલીસ સતત આપતી રહે છે. પરંતુ લોકો લાલચમાં આવીને કે અજાણતા જ આવા ગઠીયાઓની માયાજાળમાં ફસાઇ જઇ લાખો કરોડો ગુમાવી દે છે. વધુ એક કિસ્સામાં ઓનલાઇન ગઠીયાઓ વેપારીને ત્રેવીસ લાખનો ચુનો લગાવી ગયા છે. જેમાં તેમની બંધ વિમા પોલીસી ચાલુ કરી આપવાના નામે ઠગાઇ થઇ હતી.

વિગતો પર નજર કરીએ તો રાજ્યભરમાં સાયબર ઠગાઈના કિસ્સાઓ દિન-પ્રતિદિન વધી રહ્યા છે. દરમિયાન અમદાવાદનાં નરોડા વિસ્તારમાં રહેતા એક વેપારીને વીમા કંપનીના કર્મચારી હોવાનું કહી બંધ પોલિસી ફરી શરૂ કરવાના બહાને ૨૩.૦૮ લાખનો ચૂનો લગાવવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. ઠગ ટોળકીએ ત્રણ વર્ષના ગાળામાં કુલ ૨૧૯ ટ્રાન્જેક્શન કરાવી આ રકમ પડાવી લીધી હતી. પોલીસ સુત્રોએ કહ્યું કે નરોડા જીઆઈડીસીમાં ગ્રાઇન્ડિંગ પોલિશિંગનો વ્યવસાય કરતા અમરસિંહ વાઘેલાએ એક્સાઈડ લાઈફ ઈન્શ્યોરન્સની એક પોલિસી લીધી હતી. કોરોનાકાળ દરમિયાન આર્થિક મુશ્કેલીને કારણે તેઓ પ્રીમિયમ ભરી શક્યા નહોતા, જેને પરિણામે પોલિસી બંધ થઈ ગઈ હતી.

ત્યારબાદં હિમાંશુ રાજપૂત નામના વ્યક્તિએ તેમને ફોન કર્યો અને પોતે વીમા કંપનીનો કર્મચારી હોવાની ઓળખ આપી. તેણે લાલચ આપી હતી કે જો તેઓ બાકી પ્રીમિયમ અને દંડ પેટે ૫૬,૦૦૦ ભરશે, તો વર્ષ ૨૦૨૫ સુધીમાં તેમને ૧૦ લાખનું વળતર મળશે. સાયબર ઠગે શરૂઆતમાં વિશ્વાસ કેળવવા માટે ઠગોએ માત્ર ૧ રૂપિયા યુપીઆઇ દ્વારા ટ્રાન્સફર કરાવ્યો હતો. વેપારી પાસે કોઈ રસીદ આપ્યા વગર ટુકડે-ટુકડે અધધધ બસ્સો ઓગણીસ વખત નાણાં ટ્રાન્સફર કરાવી કુલ ૨૩,૦૮,૦૦૦ પડાવી લીધા. જ્યારે વેપારીએ વળતરની માંગણી કરી અને સામેથી કોઈ પ્રતિસાદ ન મળ્યો, ત્યારે તેમને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો.

આ મામલે અમરસિંહ વાઘેલાએ અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં ૪ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે ગુનેગારોને પકડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતાં. સાયબર ફ્રોડના આવા કિસ્સા સતત બની રહ્યા છે. કેવાયસી અપડેટના નામે, ક્રેડીટ કાર્ડ રીન્યુ કરાવવાના નામે તેમજ અન્ય અલગ અલગ નુસ્ખાઓનો ઉપયોગ કરી ઠગાઇ કરવામાં આવે છે. વીમા પોલીસી ચાલુ કરાવવાના નામે અગાઉ પણ ફ્રોડ થઇ ગયા છે. જેમાં આ વખતે ત્રેવીસ લાખની ઠગાઇ થઇ ગઇ હતી. લોકો ગમે એટલા જાગૃત બને તો પણ સાયબર ગઠીયાઓ એવા એવા નુસ્ખા અજમાવે છે કે લોકોને છેક છેતરાઇ જાય પછી જ ખબર પડે છે કે ફ્રોડ થઇ ગયું છે. આ ઘટનામાં પણ વેપારી સાથે ગઠીયાઓએ જે રીતે વાત કરી તે સાચ્ચે જ કોઇ વીમા કંપનીના માણસો વાત કરતાં હોય તે રીતે વાત કરી હતી અને શિકાર બનાવી લીધા હતાં.



### અન્ય બનાવમાં શેર બજાર અને આઈપીઓના નામે યુવાન સાથે સોળ લાખની છેતરપીંડી

બીજી તરફ શેરમાર્કેટમાં રોકાણ અને આઇપીઓના નામે ભુજના યુવાન સાથે સોળ લાખની ઠગાઈ કરવામાં આવી હતી.જેમાં બોર્ડર રેન્જ સાયબર પોલીસમાં ફરિયાદ કરવામાં આવી છે. ફરિયાદી અબડાસા તાલુકાના રેલરીયા મંજલના હાલે ભુજમાં રહેતા અજીતસિંહ ખેંગારજી જાડેજાએ નોંધાવેલી ફરિયાદ -માણે, ૨૧ એપ્રિલના તેઓને એક વોટ્સએપ ગ્રુપમાં એડ કરવામાં આવ્યા.જે ગ્રુપમાં એડમીને પોતે દક્ષી એલાઇટ ઇન્વેસ્ટમેન્ટ સર્ક નામની ફર્મ તરફથી હોવાની ઓળખ આપી હતી. આ ગ્રુપમાં દરરોજ શેર માર્કેટમાં રોકાણ અને આઇપીઓને લગતા મેસેજ આવતા હતા.૪ જુલાઈના રોકાણ કરવાની વાત કરતા વોટ્સએપમાં ફોર્મ મોકલાવ્યું અને બાદમાં લિંક મોકલાવી હતી.

શરૂઆતમાં પાંચ હજારનું રોકાણ કર્યુ અને ૫,૨૪૫ જેટલી રકમ જમા થઈ હતી જેથી બાદમાં શેર બજારમાં નાણા રોક્યા અને રકમ ઉપાડી હતી.તબક્કાવાર કુલ ૧૬,૦૫,૪૯૦ રૂપિયા ભરી દીધા હતા અને રોકાણની રકમ વોલેટમાં નફા સાથે દેખાતી હતી બાદમાં આઇપીઓ ભરવા રૂપિયાની જરૂર પડતા વોલેટમાં બેલેન્સ ન હોવાથી ના પાડી હતી. પરંતુ આઇપીઓ ભરવા લોન લેવાનો વિકલ્પ આપ્યો અને અઢાર લાખની રકમ લોન પેટે જમા થઈ હતી આ લોનની રકમથી તેઓના કહ્યા મુજબ આઇપીઓ ભર્યો જેમાં નફો થયો હતો. રકમ ઉપાડવાની કોશિશ કરતા રકમ ઉપડી નહી બાદમાં કહ્યું કે, તમે જે લોન લીધી છે તેના અડધા રૂપિયા ૯ લાખ ભરવા જણાવ્યું હતું.

ત્યારબાદં અલગ અલગ બહાના બતાવી રૂપિયા ઉપડતા ન હતા. જેથી સાયબર ફ્રોડ થયાનું જણાઈ આવતા સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. બાદે પોલીસમા અરજી આપી હતી. આરોપીઓએ શેર માર્કેટમાં રોકાણ અને આઇપીઓ એલોટમેન્ટમાં સક્સેસ રેટ સારો હોવાની ખોટી લાલચ આપી ફરીયાદી પાસેથી રૂપિયા ટ્રાન્સફર કરાવી અલગ અલગ બહાના બતાવી રકમ ન આપી દક્ષી એલાઇટ ઇન્વેસ્ટમેન્ટ સર્કલ ફર્મના નામે ઠગાઈ કરતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

# ગ્રાહક બની આવેલી મહિલાએ કરી દાગીનાની ચોરી

## બજારોમાં અવાર-નવાર ચોર-ગઠીયા કરી જતાં હોય છે હાથ કી સફાઇ : CCTV ફૂટેજમાં ઘટના કેદ થઇ : પેલેસ રોડના વેપારીએ જાણ કરતાં પોલીસે કલાકોમાં કર્યો ગુનો ડિટેક્ટ

રાજકોટ, તા. ૨૬

અવાર-નવાર શહેરના અલગ અલગ શો રૂક કે દૂકાનોમાં ગ્રાહક બનીને આવતાં શખ્સો, મહિલાઓ નજર ચુકવી હાથ કી સફાઇ કરી જે તે કિંમતી વસ્તુ કે સોનાના દાગીના ચોરી જતાં હોય છે. આવી જ વધુ એક ઘટના પેલેસ રોડ પર ભગવતી ફાસ્ટફૂડ સામે આવેલા નિલકંઠ જ્વેલર્સ નામના શો રૂમમાં બની હતી. જેમાં ગ્રાહક બનીને આવેલી બે અજાણી મહિલાએ દાગીના જોવા માંગ્યા બાદ સ્ટાફની નજર ચુકવી સોનાનું પેન્ડલ સેટ બઠ્ઠાવી ગઇ હતી. જો કે આ સમગ્ર ઘટના સીસીટીવીમાં આવી ગઇ હોઇ પોલીસને જાણ કરતાં કલાકોમાં મહિલાને શોધી કાઢી દાગીના કબ્જે લીધા હતાં.



વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે ૧૫૦ ફુટ રીંગ રોડ અયોધ્યા ચોક અક્ષર હાઇટ્સની સામે બંસી રેસીડેન્સી ફ્લેટ નં. ૪૦૨માં રહેતાં ધ્રુવીતભાઇ કેતનભાઇ ધોળકીયા નામના ત્રીસ વર્ષના વેપારીની ફરિયાદ પરથી ગ્રાહકના સ્વાંગમાં આવેલી બે અજાણી મહિલા વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ધ્રુવીતભાઇએ જણાવ્યું છે કે હું પરીવાર સાથે રહુ છુ અને પેલેસ રોડ પર આવેલ ભગવતી ફાસ્ટ ફૂડની સામે, નીલકંઠ જવેલર્સ નામથી સોના ચાંદીના દાગીનાનો શો રૂમ ચલાવુ છુ અને આ શો રૂમમા મારા સંબંધી કંદર્પભાઇ ધોળકીયા ભાગીદાર છે. પચ્ચીસમીએ બપોરના સમયે હું તથા મારા શો રૂમનો સ્ટાફ અમારા શો રૂમે હા જર હતા ત્યારે આશરે સવા ત્રણ વાગ્યાની આસપાસ બે અજાણી મહિલા અમારા શો રૂમે આવેલ અને તેમને એક સોના ની વાળી તથા એક સોનાનો પેન્ડન્ટ સેટ લેવો છે તેમ કહેતાં મારા સ્ટાફે તેમને વાળી તથા પેન્ડન્ટ સેટ બતાવ્યા હતાં. બાદ આ મહિલાઓએ વાળીનુ કોટેશન કઢાવેલ જેમાં તેમને ભાવ વધારે લાગતો હોઇ જેથી તેઓ બંને રકઝક કરી અને કોઇપણ ઘરેણા લીધા વગર જતી રહી હતી.

અમે તેમના નામ સરનામાની કોઈ નોધ કરી નહોતી. બાદ સાંજના આશરે પાંચ વાગ્યાની આસપાસ અમે અમારા શો રૂમનો સ્ટોક મેળવતા હતા ત્યારે અમારા સ્ટોકમા એક પેન્ડલ સેટ જેમાં એક પેન્ડલ તથા એક જોડી બુટી ઘટતા હોઇ દુકાનના કેમેરા ચેક કરતાં બપોરના સવા ત્રણથી ચાર વાગ્યા દરમ્યાન ગ્રાહક બનીને આવેલી બે અજાણી મહિલાઓ મારો સ્ટાફ તેમને સોનાની વાળી તથા સોના નો પેન્ડન્ટ સેટ બતાવતા હતા ત્યારે એક મહિલાએ અમારા સ્ટાફની નજર ચુકવી ચોરી છુપી રીતે એક પેન્ડન્ટ સેટ લઇ તેમની સાથે રહેલ એક નાના બોક્ષમા રાખી તે બોક્ષ તેના પર્સમાં રાખી બાદ થોડીવાર પછી અમારા શો રૂમમાથી આ બંને મહિલાઓ જતી રહેલ હોવાનુ દેખાયું હતું.

આ પછી મેં ભાગીવદારને જાણ કરી પોલીસને જાણ કરી હતી. બંને મહિલા જે પેન્ડલ અને બુટી લઇ ગઇ તેની કિંમત રૂા. ૯૦ હજાર થાય છે. એ-ડિવીઝન પોલીસ ઇન્સ. બી. વી. બોરીસાગરની રાહબરીમાં હેડકોન્સ. એન. બી. શિયાળે ગુનો નોંધતા હેડકોનસ. સંજયભાઇ ચૌહાણે તપાસ હાથ ધરી હતી. દરમિયાન ડી. સ્ટાફની ટીમે તપાસ હાથ ધરી શકમંદ મહિલા સોનલ હીરાભાઇ સોલંકી (ઉ.વ.૩૮-રહે. ભાવનગર રોડ ગંજીવાડા શેરી નં. ૨૨)ને સકંજામાં લઇ પુછતાછ કરતાં તેણે ચોરી કર્યાનું ખુલતાં ધરપકડની તજવીજ કરી હતી. પૈસાની ખેંચ હોવાથી આ ચોરી કર્યાનું રટણ કર્યુ હતું.

### નવા જુના પ્રૌને કારણે સર્જાતી ધમાલમાં વધુ એક ડખ્ખોઃ હત્યાના પ્રયાસની ઘટના

# ચૂંટણીની અદાવતમાં લોહીયાળ માથાકુટ

## યુવાન પર છરી તલવારથી હુમલોઃ પંચરની દૂકાનમાં પાંચ શખ્સો તૂટી પડ્યાઃ ખૂનની ધમકી પણ દીધીઃ યુવાનને ગંભીર ઈજાઃ વચ્ચે પડેલા તેના બે ભાઈઓને પણ ઈજા

રાજકોટ, તા. ૨૬

નવા જુના ડખ્ખાઓને કારણે માથાકુટની ઘટનાઓ બનતી રહે છે. રોજબરોજ મારામારી, હત્યાના પ્રયાસની કે હાથ પગ ભાંગી નાખવાની ઘટનાઓ બને છે. દરમિયાન એક કિસ્સામાં ચૂંટણીના ફોર્મ ભરવાના ડખ્ખામાં એક યુવાન પર દૂકાનમાં ઘુસી પાંચ શખ્સોએ હીચકારો હુમલો કરી હત્યાનો પ્રયાસ કર્યો હતો. આ દૂકાનદાર યુવાનને બચાવવા વચ્ચે પડેલા તેના બે ભાઇઓને પણ માર મારી ઈજા પહોંચાડવામાં આવી હતી.



મારામારીની બીજી ઘટનામાં ખેતરમાં બકરા ઘુસી જતાં પાઈપ-પાણકાના ઘાઃ બે ઘાયલ થયા

વિગતો પર નજર કરીએ તો જસદણ તાલુકાના આટકોટમાં ચૂંટણીની જૂની અદાવતને લઈને લોહિયાળ સંઘર્ષની ઘટના સામે આવી છે. કૈલાશનગરમાં રહેતા અને પાંચવડા ચોકડી પાસે પંચરની દુકાન ચલાવતા જયેશભાઈ પ્રભુદાસભાઈ ધમલ નામના બેતાલીસ વર્ષના દૂકાનદાર યુવાન ઉપર પાંચ શખ્સોએ હથિયારો સાથે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ હુમલામાં ફરિયાદી ઉપરાંત તેમના બે ભાઈઓ પણ ઘાયલ થયા હતાં. ફરિયાદમાં જણાવ્યા અનુસાર રાત્રિના સમયે ફરિયાદી જયેશભાઈ પોતાની પંચરની દુકાને હાજર હતા. તે દરમિયાન જીતુભાઇ સોમાભાઇ દાફડા, જેસીંગભાઇ દાફડા, મોહિત ઉર્ફે ભગો, કાળિયો તથા અન્ય એક અજાણ્યો શખ્સ બે મોટરસાયકલ પર ત્યાં ધસી આવ્યા હતા. આરોપીઓએ ગાળાગાળી કરી ઝઘડો શરૂ કર્યો હતો.

જ્યારે જયેશભાઈએ પોતાના ભાઈઓ વિજયભાઈ અને ઉમેશભાઈને મદદ માટે બોલાવ્યા, ત્યારે મામલો વધુ બિચક્યો હતો. આરોપી જેસીંગભાઇએ ઉશ્કેરાઈ જઈ વિજયભાઈ પર તલવાર વડે જીવલેણ હુમલો કર્યો હતો, જેના કારણે તેમને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. જ્યારે આરોપી મોહિતે છરી વડે હુમલો કરતા જયેશભાઈને જમણા હાથમાં ઈજા થઈ હતી. પોલીસ ફરિયાદ મુજબ, આ હુમલા પાછળનું મુખ્ય કારણ અગાઉની ચૂંટણી છે. આરોપી જીતુભાઇ દાફડા સામે ફરિયાદી પક્ષ દ્વારા ચૂંટણીમાં ફોર્મ ભરવામાં આવ્યું હતું. આ બાબતનો ખાર રાખીને આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરું રચી હુમલો કર્યો હોવાનું જણાવાયું છે.

વધુ માહિતી અનુસાર આટકોટ પોલીસે જયેશભાઈની ફરિયાદના આધારે આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. જેમાઁ ગેરકાયદે મંડળી રચી હથિયાર ધારણ કરવા. ખૂનની કોશિશ, ભયાનક હથિયારનો ઉપયોગઁ શાંતિ ભંગ અને જાનથી મારી નાખવાની ધમકી સહિતની કલમો સામેલ કરાઇ હતી. આટકોટ પોલીસ હેડ કોન્સ્ટેબલ જે.એમ. ધ્રાંગીયાએ એફઆઇઆર દાખલ કરતાં હુમલાખોરોને ઝડપીલેવા વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

મારામારીની અન્ય એક ઘટનામાં ભેલાણ મામલે ડખ્ખો થયો હતો. વાંકાનેરના હસનપરની શક્તિ સોસાયટીમાં રહેતાં અમરાભાઇ ટીડાભાઇ સરૈયા નામનો છત્રીસ વર્ષનો યુવાન પોતે વાડી વાવવા રાખી હઓઇ ત્યાં હતાં ત્યારે ગામના જ ગોવિંદ ધનજીભાઇ વાજેલીયા નામના એકવીસ વર્ષના શખ્સ સાથે માથાકુટ થતાં ગોવિંદે પાઇપથી હુમલો કરી પાણાના ઘર કરી ઈજા કરતાં અમરાભાઇ વાંકાનેર સારવાર લઇ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા હતાં. સામે ગોવિંદ વાજેલીયા પણ પોતાને અમરાભાઇએ હાથમાં પહેરવાના કડાથી અને પાઇપથી માર માર્યાની ફરિયાદ સાથે રાજકોટ દાખલ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે વાંકાનેર પોલીસને જાણ કરી હતી. અમરાભાઇના કહેવા મુજબ તેણે ખેતર વાવવા રાખ્યું હોઇ તેમાં હાલ એરંડાનો પાક છે. આ પાકમાં ગોવિંદે તેના સાતેક બકરા છુટી મુકી દીધા હતાં. આ બકરા તેણે બહાર કાઢ્યા હતાં અને બીજી વાર આવુ નહિ કરવા કહ્યું હતું. પરંતુ થોડીવાર પછી ફરીથી ગોવિંદે બકરા ખેતરમાં ઘુસાડી દેતાં તેને સમજાવવા જતાં મારામારી થઇ હતી. વાંકાનેર પોલીસે બંનેના નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

### છેડતી-પજવણીના અવાર-નવાર બની રહેલા બનાવો વચ્ચે ચોંકાવનારી ઘટના

# નાનો દિયરીયો લાડકો નહીં છેડતીબાજ : ભાભીની પજવણી

## પોતાના ભાઈને પણ આ શખ્સે કહી દીધું-હું તારી પત્નિને પ્રેમ કરુ છું! મને અંદરથી આદેશ મળે છે એટલે આમ કરુ છુંઃ પોલીસે ગુનો નોંધી કરી ધરપકડ

રાજકોટ, તા. ૨૬

છેડતી, પજવણીના કિસ્સા અવાર-નવાર બનતા રહે છે. અમુક એકતરફી પ્રેમીઓ પણ રોમીયોગીરી કરતાં રહે છે. જો કે એક કિસ્સામાં એક મહિલાની પાછળ તેનો દિયર પડી ગયો હતો. નાનો દિયરીયો લાડકો હોય, પણ અહિ તો દિયરીયો છેડતીબાજ બનીને ભાભીને હેરાન કરતો હતો. એટલુ જ નહિ આ શખ્સે પોતાના ભાઇને પણ કહી દીધુ હતું કે-હું તારી પત્નિને પ્રેમ કરુ છું! આ પછી વાત પોલીસ સુધી પહોંચી હતી. એક વર્ષથી પરિણીતાને દિયર હેરાન પરેશાન કરી રહ્યોહ તો. આ ગંભીર ઘટનામાં પોલીસે તત્કાળ કાર્યવાહી કરી આરોપીને પકડી લીધો હતો.

માહિતી પર નજર કરીએ તો ઘટના અમદાવાદની છે. અહિ એકતરફી પ્રેમના મામલે ફરી એક ગંભીર ઘટના સામે આવી છે. એક વર્ષથી હેરાન કરતો દિયર ફરીથી ભાભીની છેડતી કરતો ઝડપાયો છે. સમગ્ર મામલે પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે. પોલીસ પૂછપરછમાં આરોપીએ સ્વબચાવમાં દાવો કર્યો હતો કે મને ઉપરથી આદેશ છે એટલે મે તેનો હાથ ખેંચ્યો હતો! અમદાવાદના જમાલપુર વિસ્તારમાં રહેતી છેતાલીસ વર્ષીય મહિલા ઘરકામ કરીને જીવન નિર્વાહ કરે છે. મહિલાના સાસુના ભાઈનો દીકરો અહેરાજ હુસેન ઉત્તર-દેશથી ત્રણ વર્ષ પહેલા અમદાવાદ આવ્યો હતો. સગાસંબંધનો લાભ લઈ અહેરાજ વારંવાર મહિલાના ઘરે આવતો હતો. ધીમે-ધીમે આરોપી મહિલાનો પીછો કરવાનું શરૂ કર્યુ અને એકતરફી પ્રેમનો દાવો કરીને હેરાન કરવા લાગ્યો હતો.



પોલીસ સુત્રોના કહેવા મુજબ આરોપીએ મહિલાનો પીછો કરતાં પતિએ વિરોધ કર્યો ત્યારે તેણે ખુલ્લેઆમ કહ્યું હતું કે હું તારી પત્નીને પ્રેમ કરું છું, તેનો પીછો કરતો રહીશ અને વચ્ચે આવ્યો તો તને પતાવી દઈશ. આ ધમકી બાદ મહિલાએ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તે કેસમાં આરોપી જામીન પર બહાર આવ્યો હોવા છતાં તેણે મહિલાનો પીછો ચાલુ રાખ્યો હતો. આ પછી મહિલા અને તેના સાસુ ઘરે હતા, ત્યારે આરોપી અહેરાજ ત્યાં પહોંચ્યો હતો. સાસુએ તેને જતા રહેવાનું કહેતા, આરોપીએ બુમાબુમ કરીને મહિલાનો હાથ પકડીને તું મારી સાથે ચાલ, તું મારી સામે ખોટી ફરિયાદ કરી છે, હું તને પ્રમ કરું છું અને તને રાખીશઁ તેમ કહીને જબરદસ્તી હાથ ખેંચવા લાગ્યો હતો.

આ દરમિયાન સાસુ-સસરાએ વચ્ચે પડીને મહિલાનો હાથ છોડાવ્યો હતો. જતાં-જતાં આરોપીએ મહિલાના પતિને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ ઘટનાને લઈને મહિલાએ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી આરોપી અહેરાજ હુસેનની ધરપકડ કરી છે. પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીએ જણાવ્યું હતું કે, તેને અલ્લાહનો અવાજ સંભળાય છે અને અલ્લાહે જ તેને મહિલાનો હાથ ખેંચવાનું કહ્યુ હતું.

અગાઉ પણ આવો જ દાવો કરીને તેણે પોતાની હરકતને ઠેરવવાનો પ્રયાસ કર્યો હતો. આ મામલે ખ્દ્દભ્એ જણાવ્યું હતુ કે, આરોપી સામે અગાઉ પણ છેડતીનો કેસ ચાલી રહ્યો છે અને હાલ તે કોર્ટમાં ટ્રાયલ હેઠળ છે. આરોપી મહિલાને પોતાની તરફેણમાં નિવેદન આપવા દબાણ કરી રહ્યો હતો, જેથી કેસનો નિકાલ થઈ જાય. આ દબાણ માટે જ તેણે ફરીથી મહિલાનો હાથ ખેંચીને છેડતી કરી હતી. હાલ સમગ્ર મામલે પોલીસ વધુ તપાસ કરી રહી છે. આ ઘટનાએ ભારે ચકચાર જગાવી દીધી હતી.

# મિલકતની ફરિયાદોના નિકાલ માટે નવી SOP

## ઓનલાઈન સિસ્ટમ દ્વારા હવે ફરિયાદ નિવારણ પ્રક્રિયા વધુ વેગવાન અને પારદર્શક બનશે



રાજકોટ, તા. ૨૬

ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (RERA) એ મિલકત ખરીદદારો અને અન્ય હિતધારકો માટે ફરિયાદ નિવારણ પ્રક્રિયાને વધુ ઝડપી, પારદર્શક અને સુવ્યવસ્થિત બનાવવા માટે એક વ્યાપક સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર અમલમાં મૂકવામાં આવી છે. આ નવી SOP ડિજિટલ-ફર્સ્ટ અભિગમ પર આધારિત છે, જેમાં હાલની ઓનલાઈન સિસ્ટમને વધુ મજબૂત બનાવવામાં આવી છે અને પ્રક્રિયાગત સમયમર્યાદા તથા જવાબદારીઓ સ્પષ્ટ રીતે નિર્ધારિત કરવામાં આવી છે. મિલકત ખરીદદારોને ઝડપી ન્યાય અને પ્રમોટર્સને સમયમર્યાદામાં અસરકારક રીતે પોતાનો જવાબ રજૂ કરવાની સગવડ પૂરી પાડવી, એ જ આ જ્ઞઙ્નો મુખ્ય હેતુ છે.

આ નવી વ્યવસ્થાથી મિલકત ખરીદદારોને પારદર્શિતા અને રિયલ-ટાઈમ અપડેટ્સ મળશે. બિલ્ડરો/પ્રમોટર્સને તેમના ડેશબોર્ડ પર તુરંત નોટિસ મળવાથી તેઓ ઝડપી જવાબ આપી શકશે તેમજ કાનૂની પ્રતિનિધિઓ માટે પણ એડજર્નમેન્ટ અને અન્ય અરજીઓ માટે સ્ટ્રક્ચરલ ટેમ્પ્લેટ્સ ઉપલબ્ધ કરાવાયા છે. ગુજરાત RERA દ્વારા લેવામાં આવેલું આ મહત્વપૂર્ણ પગલું રિયલ એસ્ટેટ ક્ષેત્રે વિશ્વાસ વધારવા અને ફરિયાદોના નિકાલમાં લાગતો સમય ઘટાડવા માટે અત્યંત મહત્વપૂર્ણ પૂરવાર થશે. તમામ હિતધારકોને આ વિગતવાર SOP ગુજરાત RERAની સત્તાવાર વેબસાઈટ પર જોઈ લેવા વિનંતી કરવામાં આવી છે.

### નવી SOPની મુખ્ય વિશેષતાઓ

- ઓનલાઈન ફરિયાદ નોંધણીને પ્રાધાન્ય : મિલકત ખરીદદારો હવે ઘરે બેઠા ગુજરાત RERA પોર્ટલ દ્વારા ફરિયાદ નોંધાવી શકશે. જોકે ઓફલાઈન સુવિધા ચાલુ છે, પરંતુ ઝડપી નિકાલ માટે ઓનલાઈન ફરિયાદોને વધુ પ્રોત્સાહન આપવામાં આવશે. ઓનલાઈન ફરિયાદ કર્યા બાદ સાત દિવસની અંદર તેની ફિઝિકલ કોપી RERA કચેરીએ જમા કરાવવાની રહેશે.
- દસ્તાવેજોની ફરજિયાત રજૂઆત : વિલંબ ઘટાડવા માટે, ફરિયાદીએ ફરિયાદ ફાઈલ કરતી વખતે જ પેમેન્ટના પુરાવા અને ઘટનાક્રમની વિગતો જેવા તમામ જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે. ફરિયાદોની ચકાસણી સીધી RERA સેક્રેટરી સ્તરે કરવામાં આવશે, જેથી કાર્યવાહીમાં કોઈ અવરોધ ન આવે.
- RERA ડેશબોર્ડ – માહિતીનું કેન્દ્ર : કેસની પ્રગતિ પર નજર રાખવા માટે RERA ડેશબોર્ડ મુખ્ય પ્લેટફોર્મ રહેશે. જેમાંથી સુનાવણીની તારીખ, નોટિસ અને અંતિમ આદેશો ડિજિટલ રીતે મેળવી શકાશે. પ્રથમ નોટિસ બાદ, હિતધારકોએ સતત અપડેટ્સ માટે ડેશબોર્ડ જોતા રહેવું પડશે.
- ફરિયાદોનું સ્પષ્ટ વર્ગીકરણ : SOPમાં ફરિયાદોના સ્વરૂપ અને યોગ્ય અધિકારીની સ્પષ્ટ વ્યાખ્યા આપવામાં આવી છે. જેના આધારે પ્રક્રિયાને સરળ બનાવવા માટે ફરિયાદોને બે ભાગમાં વહેંચવામાં આવી છે.
- ફોર્મ અઃ કબજો મળવામાં વિલંબ, વેચાણ કરારનો અમલ ન થવો અથવા રિફંડ જેવી સામાન્ય ફરિયાદો માટે.
- ફોર્મ ઈઃ માત્ર વળતર સંબંધિત દાવાઓ માટે

# જંગલેશ્વરના ગેરકાયદે બાંધકામોની વ્હારે કોંગ્રેસ

## ધારાસભ્ય જીગ્નેશ મેવાણી સહિત અનેક આગેવાનો કલેકટરને પાઠવ્યું આવેદન, રેલી રદ થતાં તંત્રને હાશકારો

રાજકોટ, તા. ૨૬

રાજકોટ જિલ્લા કલેકટરની સુચના મુજબ શહેરનાં જંગલેશ્વર વિસ્તારમાં ૧૩૦૦થી વધુ દબાણો તોડી પાડવા રેવન્યુ તંત્રએ નોટીસો ફટકારી છે. જેને શહેર કોંગ્રેસે ઉગ્ર વિરોધ કરી હુંકાર કર્યો છે, કે ભાજપ સતાધીશોના ઈશારે આજી નદી કાંઠાનો વિસ્તાર જમીન માફીયાઓ માટ ખાલી કરાવવા નહી દઈએ અને તોડફોડ કરાશે તો, શુક્રવારથી ગુજરાત વ્યાપી આંદોલન કરીશું તેમ જણાવ્યું હતું. હાલ આ બાબતે કોંગ્રેસ પક્ષ મેદાનમાં આવી છે અને ભાજપ ઉપર શાબ્દિક પ્રહારો કરવામાં આવી રહ્યા છે. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ હાલ ભાવનગર રોડ આજી નદીના કાંઠે આવેલા જંગલેશ્વર વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામો તોડવા માટેની જે નોટિસો આપવામાં આવી છે તેનાથી અનેક ઘણા પ્રશ્નો ઊભા થયા છે. ત્યારે ધારાસભ્ય જીગ્નેશ મેવાણીની આગેવાનીમાં કોંગ્રેસે રેલી કાઢવા માંગણી કરી હતી પરંતુ તે ગ્રાહ્ય ન રહેતા જીગ્નેશ મેવાણી સહિતના કોંગી આગેવાનો કલેક્ટર કચેરી ખાતે દોડી આવ્યા હતા અને પોલીસ બંદોબસ્ત પણ ચુસ્ત પણે ગોઠવી દેવામાં આવ્યો હતો.

કોંગ્રેસે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી વર્ષોથી રહેતા ગરીબોના આવાસો છીનવવાના બદલે કાયદેસર કરી આપવા રજુઆત કરી હતી અને ત્યારબાદ કોઠારીયા રોડ ઉપર આવેલ ક્રિષ્ના ચોક ખાતે અસરગ્રસ્તોની જાહેરસભા યોજી હતી. કાંકરીચાળો થવાના ડરે પોલીસે જડબેસલાક બંદોબસ્ત રાખ્યો હતો. પરંતુ કોંગ્રેસે રેલી કાઢવાના બદલે થોડા આગેવાનોએ જ કલેકટર કચેરીએ જઇને આવેદનપત્ર આપ્યું હતું અને ત્યારબાદ જાહેરસભા યોજી હતી.



બીજી તરફ મોટી રેલી યોજવાની શકયતા ધ્યાને લઇ પોલીસ દ્વારા જડબેસલાક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યા હતા અને કલેકટર કચેરી પાસે બેરીકેડ પણ મારી દીધા હતા. પરંતુ રેલી નહીં યોજાતા પોલીસે પણ રાહતનો દમ લીધો હતો.તંત્ર દ્વારા આ વિસ્તારના અંદાજે ૬૦૦૦ કુટુંબો પૈકી ૧૩૦૦ થી ૧૪૦૦ કુટુંબોને સ્થળાંતર માટેની નોટિસો આપવામાં આવી છે. આ વિસ્તારમાં લગભગ ૩૫,૦૦૦ જેટલા લોકો છેલ્લા ૪૦ થી ૫૦ વર્ષથી વસવાટ કરી રહ્યા છે.

કોંગી આગેવાનોએ કલેકટરને રજૂઆત કરતા કહ્યું કે હાલ જે રીતે વિગત સામે આવી રહી છે કે આજે રિવરફ્રન્ટ બનાવવાના કારણે ડિમોલિશન કરવાની વાત ચાલી રહી છે તો ખરા અર્થમાં રિવરફ્રન્ટ પ્રોજેક્ટ અમલી બનાવવો હોય તો આટલી મોટી વિશાળ જગ્યા ની કોઈ જરૂરિયાત રહેતી નથી જેથી અહીં વસતા નાના લોકોને કોઈ પણ પ્રકારની હેરાનગતિ કરવામાં ન આવે તે ખૂબ જરૂરી છે. જો ડિમોલિશન થશે તો તેઓ ક્યાં જશે તે અંગે હજુ પણ કોઈ નક્કર નિર્ણય લેવામાં આવ્યો નથી જે ખરા અર્થમાં ગરીબ પરિવારો માટે વજ્રઘાત સમાન છે.

આવેદનપત્રમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે સરકાર પીપીપી યોજનાના નામે લોકોના કાયદેસરના મકાનો તોડી બિલ્ડરોને જમીન ફાળવી મોટો ભ્રષ્ટાચાર કરવા માંગે છે. ડો. જાડેજાએ સવાલ ઉઠાવ્યો છે કે જ્યારે આ જમીન પર દબાણ થઈ રહ્યું હતું ત્યારે તંત્ર શું કરી રહ્યું હતું અને તેના માટે જવાબદાર અધિકારીઓ સામે શું પગલાં લેવાયા? કોંગ્રેસ દ્વારા માંગ કરવામાં આવી છે કે આ લોકો દેશના વિકાસમાં સહભાગી છે, તેથી તેમને દબાણકર્તા ગણવાને બદલે ૨૫ થી ૫૦ વારની જમીન પર તેમનો અધિકાર ગણવો જોઈએ. કલેક્ટરને લોકહિતમાં અને ગરીબ પરિવારોના હિતમાં નિર્ણય લેવા વિનંતી કરવામાં આવી છે. કોંગ્રેસની રેલીમાં ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી, લાલજી દેસાઈ, રાજદીપસિંહ જાડેજા, ઈન્દ્રનીલ રાજ્યગુરૂ, વશરામ સાગઠીયા, મહેશ રાજપુત, રોહિત રાજપુત, જસવંતસિંહ ભટ્ટી સહીતના નેતાઓ જોડાયા હતા.

ખરા અર્થમાં આ બાબતે હવે કલેક્ટર શું પગલાં લેશે તે જોવાનું રહ્યું કારણ કે એક તરફ વડાપ્રધાન મોદી સહિત દેશ વિદેશના ટોચના રાજકીય આગેવાનો તથા ઉદ્યોગપતિઓ વાઈબ્રન્ટ રાજકોટ કોન્ફરન્સ ખાતે આવી રહ્યા છે ત્યારે રાજકોટની કાયાપલટ જે રીતે થાય છે તેમાં જંગલેશ્વરનું ડિમોલિશન પણ મુખ્ય ભાગ ભજવશે હાલ આજી રિવરફ્રન્ટની વાત કહી ને ડિમોલિશન કરવાની પેરવીમાં તંત્ર હાલ કામે લાગ્યું છે પરંતુ તેનાથી સ્થાનિક લોકોને ઘણી હેરાનગતિનો સામનો કરવો પડશે તેમાં પણ કોઈ શંકાને સ્થાન નથી.



## વિરાણી હાઈસ્કુલ બચાવ સમિતિ દ્વારા જાગૃત નાગરિકોનું મહાસંમેલન

# વિરાણી હાઈસ્કૂલને ઢસેડાય છે વિવાદમાં

### ટ્રસ્ટીઓનો આક્ષેપ શામજી વેલજી વિરાની ટ્રસ્ટને વળતર આપનાર મ્યુનિસિપલ કમિશનર, કલેકટર તથા સરકારના ઉચ્ચ અધિકારીઓ સામે કેમ તપાસ કે ફરિયાદ કરવામાં ન આવી?

રાજકોટ, તા. ૨૬

વિરાણી હાઈસ્કુલનો મુદ્દો અત્યંત વિકટ બની ગયો છે ત્યારે આજે વિરાણી હાઈસ્કુલ બચાવ સમિતિ દ્વારા જાગૃત નાગરિકોનું મહાસંમેલન યોજવામાં આવ્યું છે જેમાં વિરાણી હાઈસ્કુલ દ્વારા કેટલીક સ્પષ્ટતાઓ કરવામાં આવી છે. સાથોસાથ ટ્રસ્ટની મિલ્કતોને વિવાદમાં નાખવા લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરી રહેલા તત્વો સામે કાયદાકીય પગલાં ભરવાની જાહેરાત કરવામાં આવી છે.

બીજી તરફ સંસ્થાના ટ્રસ્ટીઓએ શામજી વેલજી વિરાણી ટ્રસ્ટને વળતર આપનાર કમિશ્નર, રા.મ્યુ. કોર્પો. તથા કલેકટર, રાજકોટ તથા રાજય સરકારના ઉચ્ચ અધિકારીઓ સામે આજદિન સુધી સરકારી નાણાંની ઉચાપતની અથવા ગેરકાયદેસર હુકમની તપાસ કે ફરિયાદ કેમ કરવામાં આવેલ નથી તેવા આક્ષેપો પણ કર્યા હતા.

વિરાણી હાઈસ્કૂલ ટ્રસ્ટ દ્વારા એક યાદીમાં જણાવાયું છે કે, જાહેર ટ્રસ્ટોની પ્રોપર્ટીને જાણ્યે અજાણ્યે વિવાદમાં નાખી વિવાદ ઉભો કરનાર લોકો કાયદાથી પર નથી. કાયદો સૌને લાગુ પડે છે. શામજી વેલજી વિરાણી ટ્રસ્ટને સંયુકત ચેરીટી કમિશનરે ૧૬ મે ૨૦૨૩ના રોજ ચુકાદામાં પરસોતમ પીપળીયા તથા સગીર વિદ્યાર્થીની અપીલ સ્પષ્ટપણે ફગાવી દીધી હતી. છતાં તેમણે આજ સુધી કોઈ અપીલ, રિવિઝન અરજી કરી નથી.

આ ઉપરાંત ટ્રસ્ટને વળતર આપનાર મ્યુનિ. કમિશનર તથા કલેકટર કે, રાજય સરકારના અધિકારીઓ સામે આજ સુધી નાણાની ઉચાપત અથવા ગેરકાયદેસર હુકમની તપાસ કેમ માંગી નથી કે, ફરિયાદ કેમ કરી નથી ? યાદીમાં જણાવ્યા મુજબ તા.૧-૪-૧૯૫૦ની રસીદથી વ્લજી સોમજીએ ૮.૨૪ એકર જમીન દુર્લભજી વેંચાણ કરેલ અને દુર્લભજી વિરાણીએ આ જમીન તા.૨૦/૧૨/૧૯૫૧થી બિનખેતી કરાવેલ હતી. વર્ષ ૧૯૫૫માં પ્રમોલગેશન થતાં ૫.૦૬ એકર જમીન સોમજી જીવા પાસે બાકી રહી. તા.૧૧/૧૦/૧૯૫૫નાં પત્રથી વિરાણી વિનય મંદિરની જમીન અને સરકારની જમીનના અદલા બદલા મંજુર થયા હતાં.

સીટી સર્વે નં.૨૬૫૦/૧ની પ્રોપર્ટી કાર્ડની વિગતે ૩૪૧૯૧ ચો.મીટર જમીનની ખાનગી માલીકી શામજી વેલજી વિરાણી ટ્રસ્ઠનાં નામે ચાલતી હતી જે કલેકટરના તા.૮/૮/૨૦૧૩નાં પત્ર મુજબ નોંધ કરી પ્રોપર્ટીકાર્ડ અલગ કરવામાં આવેલ અને છ અલગ અલગ પ્રોપટી કાર્ડ બનાવવામાં આવ્યા હતાં. યાદીમાં જણાવાયું છે કે છેલ્લા અનેક વર્ષોથી શામજી વેલજી વિરાણી ટ્રસ્ટને બદનામ કરવા માટે અમુક લોકો સક્રિય પ્રયત્ન કરી રહ્યાં છે અને સત્યથી વેગળી હકીકતો રજુ કરીને ઉપજાવેલી હકીકતો સમાજ જીવન સમક્ષ મુકવાનું હિનકૃત્ય કરી રહ્યાં છે. હાલ આ મુદ્દે ઘણા ખરા વિવાદ જોવા મળ્યા છે ત્યારે તેનો યોગ્ય નિરાકરણ આવે તે ખૂબ જરૂરી છે.

રાજકોટના અગણિત લોકો આ સંસ્થામાં ભણીને હાલે પોત પોતાના ક્ષેત્રમાં આગવું નામ કાઢીને વિરાણી સંસ્થા/ શિક્ષણને ઉજાગર કરી રહ્યાં છે. તેવા સમયે નિમ્નકક્ષાના અને કાયદાથી વિપરીત બાબતોને ચગાવનાર લોકો સામે ખરેખર હકીકત શું છે ? તે મુકવાનું ટ્રસ્ટનું પ્રાથમિક કર્તવ્ય હોય, ટ્રસ્ટ પોતાની રજુઆત કાયદા આધારિત રાખી રહ્યું છે. શામજી વેલજી વિરાણી ટ્રસ્ટ ધ્વારા એ.૧-૨૭ગું. જમીન શૈક્ષણીક હેતુ માટે આપેલ છે જ. જે ટ્રસ્ટે કયારેય ખાનગી મિલ્કત ગણવાનો પ્રયત્ન પણ કરેલ નથી અને તે અનુસંધાને કોઈ અરજ અહેવાલ કે અપીલો પણ કરેલ નથી. બાદમાં વિરાણી ટ્રસ્ટએ ચેરીટી કમિશ્નરમાંથી વેંચાણ માટેની પૂર્વ મંજુરી લીધી હતી. પરંતુ પ્રાંત અધિકારી, રાજકોટ શહેર-૧ એ નં.પ્રાંક/અપીલ/લે.રે.કો.ક.-૨૦૩/કેસ નં.૧૦/૨૦૨૦ અને નં.પ્રાક/અપીલ/રીવીઝન/કેસ નં.૧/૨૦૨૦ થી અપીલ દાખલ કરેલ. જે અપીલો ચાલી જતાં શામજી વેલજી વિરાણી ટ્રસ્ટની વિરૂધ્ધ હુકમો થયેલ. જેની સામે ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ.નં.૧૦૫૭૩/૨૦૨૩ થી હુકમ થતાં પ્રાંત અધિકારી રાજકોટ શહેર-૧ નો હુકમ રદ કરવામાં આવ્યો અને ફરીવખત નિર્ણય થવા કેસ રીમાન્ડ કરવામાં આવ્યો. બાદમાં પ્રાંત અધિકારી રાજકોટ શહેર-૧ એ રીમાન્ડ કેસ ચલાવી તા.૨૦-૦૧-૨૦૨૫ ના રોજ શામજી વેલજી વિરાણી ટ્રસ્ટની વિરૂધ્ધ હુકમ કરેલ.

# ગેરકાયદે દબાણો હટાવશે મ્યુ.કમિશનરની ક્લબ ટીમ

## લાખાજીરાજ રોડ પર પાથરણાંવાળા સાથે વેપારીઓના ઘર્ષણના પગલે શહેરના માર્ગો પર દબાણો દૂર કરવા કમિશનરે ત્રણેય ઝોનમાં બનાવી ટીમ

રાજકોટ, તા. ૨૬

વારે તહેવારે ખરીદી કરવા શહેરીજનો માટે એપી સેન્ટર રહેતા લાખાજીરાજ રોડ પર પાથરણાં વાળા અને ફેરિયાઓ સાથે વેપારીઓના અવારનવાર ઘર્ષણના બનાવો બને છે ત્યારે કમિશનર તુષાર સુમેરાએ આ વિવાદ જડમૂળથી જ નાબુદ કરવા દબાણ હટાવ શાખાની શહેરના ત્રણેય ઝોનમાં ક્લબ ટીમ બનાવી છે. અને માત્ર નાના ધંધાર્થીઓ જ નહીં પણ જાહેર માર્ગો પર દબાણો કરનારા વેપારીઓના માલ સામાન જપ્ત કરવા દબાણ હટાવ શાખાને કડક સૂચના આપી છે.

એક તરફ રાજકોટમાં લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ, જ્યુબિલિ, રેલવે જંકશન રોડ, રામદેવ પીર ચોકડી, રૈયાધાર સહિત, સાધુ વાસવાણી રોડ, પુષ્કરધામ રોડ, યાજ્ઞિક રોડ, સદર બજાર , હોસ્પિટલ રોડ, ગુંદાવાડી સહિત શહેરના મોટાભાગના વિસ્તારોમાં જાહેર માર્ગો પર રેંકડી કેબિન ધારકો, પાથરણાં વાળા, તેમજ ફેરિયાઓ અડિંગો જમાવી તંત્રને ખુલ્લો પડકાર ફેંકી રહ્યા છે. ત્યારે એકમાત્ર લાખાજીરાજ રોડના વેપારીઓ જ આવા ગેરકાયદેસર દબાણો સામે અવારનવાર અવાજ ઉઠાવી આંદોલનનો બુંગિયો ફૂંકીને કુંભકર્ણની નિંદ્રામાં સુતેલા તંત્રને ઢંઢોળે છે. ત્યારે ટુંકા ગાળા માટે આવાં દબાણો દૂર કરાયા બાદ ફરીથી પરિસ્થિતિ હતી તે ની તે જ થઈ જાય છે.



પણ, હવે કમિશનર તુષાર સુમેરાએ માત્ર લાખાજીરાજ રોડ જ નહીં પણ, રાજકોટના તમામ માર્ગોને દબાણ મુક્ત કરવા પહેલ કરી છે. દબાણ હટાવ શાખાના પંદર ઈન્સ્પેક્ટરોને આ માટે જવાબદારી સુપરત કરવામાં આવી છે. આ પંદર ઈન્સ્પેક્ટરોને સેન્ટ્રલ ઝોન, ઈસ્ટ ઝોન, અને વેસ્ટ ઝોનના તમામ માર્ગો પરથી નાના મોટા દબાણ દૂર કરવા અને જો લાખાજીરાજ રોડ જેવી એક પણ ઝોનની મુખ્ય બજારમાં કોઈ વેપારીઓનું દબાણ દેખાય તો તેને પણ ઉપાડી લેવા કડક સૂચના આપી છે.

કમિશનર તુષાર સુમેરાની આ ક્લબ ટીમમાં એક પીઆરઓ રહેશે જે આખી કામગીરીનું સુપરવિઝન અને સંકલન કરશે. જ્યારે ત્રણ ઈ. આર. ઓ. એટલે કે એન્ક્રોચમેન્ટ રિમુવલ ઓફિસર, ૧૪ ઈ.આર. આઈ. એટલે કે એન્ક્રોચમેન્ટ રિમુવલ ઈન્સ્પેક્ટર, અગિયાર મહિનાના કોન્ટ્રાક્ટ પર રખાયેલા છ એક્સ આર્મીમેન, ૪૫ મજૂરો દ્વારા ૧૬ વાહનો દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી રેંકડી કેબિનો પરચુરણ ચિજ વસ્તુઓ, શાકભાજી ફળો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવા સાથે હવે વેપારીઓ દ્વારા જાહેર માર્ગો પર રાખવા આવતા ડિસ્પ્લે સ્ટેચ્યુ, વસ્ત્રો, દૂકાનો સામે વાહન પાર્ક ન થાય તે માટે મુકવામાં આવતી લોખંડની ગ્રીલ, જાળી કે પછી લોખંડની પ્લેટ સહિતની દબાણરૂપ તમામ ચિજવસ્તુઓ ઉપાડી લેવા માટે પણ કમિશનર દ્વારા આદેશ કરવામાં આવ્યો છે.

શહેરના ૧૮ વોર્ડના વિસ્તારોને દબાણ મુક્ત અને ચોખ્ખા ચણાક બનાવવા એ લોઢાના ચણા ચાવવા જેવી વાત છે પણ કમિશનર તુષાર સુમેરાએ ક્લબ ટીમ બનાવી રાજમાર્ગો પરથી દબાણો દૂર કરવા માટે બિડુ ઝડપ્યું છે. પણ દબાણ હટાવ શાખા પાસે રાજકોટનાં વોર્ડ વિસ્તારોના રાજમાર્ગો ના પ્રમાણમાં પોતાની પાસે પુરતો સ્ટાફ ન હોવાનું કહે છે. જે સ્ટાફ છે તેઓને પણ અવારનવાર કોઈ વીઆઈપીના કાર્યક્રમ માટે જવાબદારી સોંપવામાં આવે છે. આવી જ રીતે શહેરના ૮૬ હોકર્સ ઝોનની જવાબદારી પણ દબાણ હટાવ શાખાની છે. હોકર્સ ઝોન બહાર કોઈ વેપાર ધંધા ન કરે, હોકર્સ ઝોનનું નિયમિત ચેકિંગ કરવું, હોકર્સ ઝોનના ધંધાર્થીઓ નિયમિત ફી ભરે છે કે નહીં તેની ચકાસણી કરવી, જપ્ત કરેલો માલ અલગ અલગ ત્રણ ગોડાઉનમાં રાખી નિયત ફી ભરપાઈ થયાં બાદ પરત આપવો અને અન્ય શાખાઓ સાથે સંકલનમાં રહીને કામગીરી કરવી પડે છે.

### ૧૮ વોર્ડના તમામ માર્ગો દબાણ મુક્ત કરવા ૩૬ ટીમ જોઈએ

દબાણ હટાવ શાખાનાં સુત્રોએ જણાવ્યું હતું કે જો રાજકોટમાં તમામ ૧૮ વોર્ડના તમામ માર્ગો પરને દબાણ મુક્ત કરવા હોય તો સવારે ૬ થી બપોરે ૨ અને બપોરે ૨ થી રાત્રીના ૧૦ સુધી કામ કરવું પડે. ૧૮ વોર્ડમાં બે શિફ્ટ કામ કરવા માટે ૩૬ ટીમ અને એટલા કર્મચારીઓ જોઈએ. વાહનો પણ વધુ જોઈએ. પણ દબાણ હટાવ શાખા પાસે ન તો પુરતો સ્ટાફ છે કે ન તો પુરતાં વાહનો!

### વધુ ૭ વાહનોની ડિમાન્ડ કરવામાં આવી છે

દબાણ હટાવ શાખાનાં સુત્રોએ એવું કહ્યું હતું કે, હાલમાં અમારી પાસે ૧૬ વાહનો છે. એમાં ક્યારેય કોઈ વાહન ખરાબ કે બંધ હોય છે. આવી સ્થિતિમાં વધુ સાત વાહનોની ડિમાન્ડ કરી છે.

### વેપારીઓએ માર્જીનમા કરેલાં દબાણોનું શું?

મોટાભાગના વિસ્તારોમાં વેપારીઓ દ્વારા તેમની દૂકાનો આગળ રેલિંગ, પતરાં કે અન્ય આડચો મુકી દબાણો કરવામાં આવ્યાં છે. આવાં દબાણો દૂર કરવાની જવાબદારી ટાઉન પ્લાનિંગ શાખાની છે. શહેરમાં બ્યુટિફિકેશન ચાલી રહ્યું છે ત્યારે આવા દબાણ દૂર કરવા માટે પણ પગલાં લેવાની જરૂર છે.